શ્રી

વિવિધ જીનગુણ સ્તવનાદિ સંગ્રહ.

કર્તા

શ્રી મોહનલાલજી મહારાજના પ્ર શિષ્ય

શ્રી કલ્યાણમુનિજી મહારાજ વિરચિત

પ્રકાશક

શ્રી વીરનગર સંઘ સમસ્ત

પ્રત ૧[illegible] સંવત ૧૯[illegible]

શ્રી [illegible] પ્રિન્ટીંગ પ્રેસમાં શા મણીલાલ છગનલાલે છાપી

ગાંધીરોડ-અમદાવાદ.

કિંમત [illegible]

શ્રી

વિવિધ જીનગુણ સ્તવનાદિ સંગ્રહ.

કર્તા

શ્રી મોહનલાલજી મહારાજના પ્ર. શિષ્ય

શ્રી કલ્યાણમુનિજી મહારાજ વિરચિત.

પ્રકાશક,

શ્રી વીશનગર સંઘ સમસ્ત.

પ્રત ૧૦૦૦ સંવત ૧૯૮૦

શ્રી લક્ષ્મિ પ્રિન્ટીંગ પ્રેસમાં શા. મણીલાલ ઉગરચંદે છાપી

રીચીરોડ—અમદાવાદ.

કિમ્મત રૂ ૦—૬—૦

શ્રી પરમાત્મને નમ

પ્રસ્તાવના

સજ્જનો સંસારમા કર્મની સાથે સગ્રામ કરનારને માટે ભક્તિ અને વૈરાગ્ય, એ બે અમોઘ શસ્ત્રો છે જગતવાસી જીવો જ્યારે જ્યારે કર્મોથી વિજયવત નિવડયા છે ત્યારે ત્યારે આ બે શસ્ત્રોના ઉપયોગથીજ, એમ શાસ્ત્ર પ્રમાણથી સ્પષ્ટતયા જણાય છે માત્ર એ વાત નિર્વિવાદ છે કે ભક્તિ તથા વૈરાગ્ય શુદ્ધ દેવ સબધી અને તત્ત્વના સમ્યક્ જ્ઞાનપૂર્વક હોવા જોઈએ માટે તેજ સૂક્ષ્મદૃષ્ટિથી જોવામા આવે તો આ પુસ્તક ભક્તિ અને વૈરાગ્યથી ભરપુર છે જો ધ્યાનપૂર્વક પુસ્તકો લ્લેખિત બાબતો ઉપર લક્ષ આપી મનન કરવામા આવે તો આટલાજ પુસ્તકની શ્રવણ અને વાચન ક્રિયા મોક્ષ આપી શકે એમા લેશ માત્ર પણ સદેહ નથી આ લઘુ પુસ્તકમા સ્તવનો, સજ્જાયો, ગઝલો, કવાલિયો, ગહુલીઓ વિગેરે વૈરાગ્યસમયની યોજના કરેલ છે કે એક વાર મનન કરવાથી પ્રાણિ વૈરાગ્યવાસિત થઈ જાય ઇત્યલ વિસ્તરેણ

આ પુસ્તક છપાવવામા સાહાય આપવાવાળા

સદ્‌ગૃહસ્થોના નામ

રુપિઆ

૪૦ શેઠ ગીરધરભાઈ હઠીસ ગ

૩૦ શેઠ ગોપાળદાસ છગનલાલ

૩૦ શેઠ મ ગળદાસ પરભુદાસ

૨૫ શેઠ હઠીસ ગ ન્યાલચ દ

૨૦ ગીરધર શેઠ

૨૫ શેઠ નગીનદાસ પરસોતમદાસ હસ્તે પીમચ દભાઈ

૨૦ શુભ ખાતામાથી હસ્તે શા માણેકચ દ સ્વરૂપચ દ

૧૫ નગીનદાસ ગાધી

૨૦ બેન ગલાબ મયાચ દ હસ્તે અમથાલાલ રવીકરણ

૧૫ મેતા વશરામ ઝીણાભાઈ

૧૫ મનસુખરામ લાલચ દ

૨૫૫

શ્રી પાર્શ્વનાથાય નમઃ ॥

મુનિમહારાજ શ્રીકલ્યાણમુનિજી કૃત

વિવિધ જીનગુણ સંગીત સ્તવનાવલી

પદ-સઝાય-સંગ્રહ

શ્રી રીખવદેવ સ્તવન

માતા મારૂદેવીના નંદ—એ રાગ

માતા મારૂ દેવીના નંદ અનુપમ શાંતિ ધારી
મારૂ દિલડું ઠારોજી
કે મારા દુખડા વારોજી અનુપમ શાંતિ ધારી,
મારૂ દિલડું ઠારોજી,
જ્ઞાન ગુણાકર સુખ રત્નાકર દુખી દુખ હરનાર
યુગલા ધર્મ નિવારણ કાજે સ્થાપ્યો નીતિ વ્યવહાર મા ૧
ઈન્દ્રાદિક સુર સરવ મલીને, મેરૂ શિખર મોઝાર,
જન્મ મહોત્સવ જીનને કરતા હૃદયે હર્ષ અપાર મા ૨
ઈન્દ્રાણી કટી હાથ ધરીને નાચે ઠમ ઠમ ઠામ
પાયે ઘુઘરા ઘમ ઘમ ઘમકે ગાયે સ્વરોના ગ્રામ મા ૩
એણી પરે રૂડો મહોત્સવ કરીને મુકી જનની પાસ,
નંદીશ્વર અષ્ટાહિક મહોત્સવ કરી ગયા નીજ વાસ મા ૪
અનુક્રમે પ્રભુજી વૃદ્ધિ પામી કર્યું પોતાનું રાજ્ય
ક્ષણ ભંગુર તે ક્ષણમાં ત્યાગી, લીધું સંયમ સામ્રાજ્ય મા ૫
તપ કરીને પ્રભુ કેવલ પામ્યા, સ્થાપ્યું શાસન સાર
ભવ્ય જીવોને ભવ સાગરથી, પાર થવા આધાર, મા ૬

શાસન સ્થાપી અસત્ય કાપી કરી ઘણા ઉપકાર,
કલ્યાણ લક્ષ્મી સઘલી લેવા ગયા મોક્ષ મોઝાર, મા ૭

શ્રી અજીતનાથ સ્તવન.

કેશરીઆ થાસુ પ્રીત કીધી સાચા ભાવસુ—એ રાગ

અજીતજીન સ્વામી આવ્યો તમારા દરબારમા
કાલ અનંતા ભુલ્યો રૂલ્યો, ગતિ નિગોદ મોઝારી
શ્વાસ માહિ ભવ સત્તર કીધા, દીઠી ન સુખની બારીરે, અ ૧
નદી ઘોલના ન્યાય પત્થર જેમ ગોલ મોલ હો જાવે,
તેમ અકામે કર્મ ઝરતા, વ્યવહારપદ પામેરે, અ ૨
પૃથ્વી પાણી તેઉવાઉ વનસ્પતિમા રૂલીઓ
ત્યાથી થોડા પુણ્ય ઉદયથી, વિકલેંદ્રિયમા ભલીયોરે અ ૩
ત્યા પણ ટાઢ તડકા આદી, વેઠી દુ:ખ અપાર
શાંત સ્વભાવે પુણ્ય થવાથી પચેંદ્રિય અવતારરે અ ૪
ગાડે જોડયો એક્કે જોડયો આરે તોડયો ચામ,
કષ્ટ સહ્યાથી હલકો થઈ હુ પામ્યો વર નર ધામરે, અ ૫
આર્ય ક્ષેત્રે શ્રાવક કુલે પુણ્ય ઊદય હુ આવ્યો,
લઘુ વયમા બાલ સઘાતે, દરબાર તુમ પાયોરે અ ૬
ઠાઠ માઠને ભભકો દેખી, અચરિજ હુ તો હોતો,
દરબાર રૂપ જે હવે સમજ્યો, ત્યારે સમજ્યો નહોતોરે, અ ૭
સ્વરૂપ સમજી હાજર હોવે, તેલે ઉત્તર ધ્યાન,
કલ્યાણ લક્ષ્મી શુદ્ધ પામીને, પામે પદ નિર્વાણરે, અ ૮

શ્રી સંભવજીન સ્તવન.

શી કહું કથની મારી રાજ—એ રાગ

ક્યા કહું વિનતિ મારી રાજ ક્યા કહું વિનતિ મારી,
મેં તો કીધી ન સેવા તુમારી રાજ, ક્યા કહું કથની મારી ક્યા ૧
ભવ અટવીમેં ભ્રમણ કરત પ્રભુ, શુદ્ધ બુધ સઘલી હારી,
પણ તુમ વિના નહિ શરણ મિલા કોઇ
ઇસ વિધ ગઇ મતી મારી રાજ, ક્યા ૨
રાગ દ્વેષથી બહુભવ પાયો નરકાદિક દુ:ખ ભારી
પુણ્ય યોગે માનવ ભવ આયો, હાર શરણ
તુમ પ્યારી રાજ ક્યા ૩
તુમ દર્શનસે પાપ પલાયે જાવે મદન વિકારી
શીવ સુખ આપે ભવ દુ:ખ કાપે નેક નજર
પ્રભુ થારી રાજ ક્યા ૪
શાત સુધારસ તુમ સાગર શાત કરી અઘ મારી
ભવ દાવાનલસે નિકાલો પાલોને નીતિ તુમારી રાજ ક્યા ૫
સંભવ સ્વામી સુણસ પાઉ દુરિત ખપાઉ સારી,
કલ્યાણ કહે પ્રભુ આ ભવ માહિ તુમ સેવા
દીલ ધારી રાજ ક્યા ૬

શ્રી અભિનંદનજીન સ્તવન

કુબજાને જાદુ ડારા—એ રાગ (સારંગ)

અભિનંદન મોહનગારા જેને કર્મ કલંક નિવારા
અભિનંદન

તુમ દર્શન વિના ભવ ભમીઓ, ખમીઓ દુખ અપારા,
ભાવધરી તુમ દર્શન આયો, ભવજલ પાર ઉતારા, અ ૧
ષટપદ મનજીમ માલતી સોહે, ચાહત ચન્દ્ર ચકોરા,
ચાતક મન જલધર વસે જ્યું, વરષા રૂતુ મન મોરા અ ૨
જીમગિરિજા મન શિવ વસતહે સીતા મન જ્યુ રામા,
તિમ મેરે મન તુમ વસો પ્રભુ નિરમલ ગુણકે ધામા, અ ૩
લડથડતા તુમ શરણે આયા, દયા કરો કૃપાલા,
તારક બિરૂદ ધરાયો સ્વામી તારોને દીન દયાલા, અ ૪
સંસાર તારણ ઝાહાજ મિલાતુ, અભિનન્દન મંગલકારા,
કહે કલ્યાણ જીનેશ્વર મેરે ચરણ શરણ તુમ ધારા, અ ૫

શ્રી અભિનંદનજીન સ્તવન

આજનો લાહો લીજીએ કાલ કોણે દીઠી —એ રાગ

અભિનંદન પ્રભુ વિનતું રે કાલ કોણે દીઠી છે
વારો કરમોના વૃન્દ રે, કાલ કોણે દીઠી છે,
દુષ્ટ કર્મોથી પડીયો રે કાલ કોણે દીઠી છે
લાગ્યો હવે તારે લારે કાલ કોણે દીઠી છે, આ ૧
તમે સુખ ધારી છો સાહિબા રે કાલ કોણે દીઠી છે,
મારે નહિ દુખને પારે કાલ કોણે દીઠી છે
જો નવિ આશ્રીત ઉદ્ધરશો રે કાલ કોણે દીઠી છે
તો શ્યા કરવા પાડા રે કાલ કોણે દીઠી છે આ ૨
જો સુખ પામીને સુખ દીએ રે, કાલ કોણે દીઠી છે,
ચરણ દબી ગરીબ નિવાજરે કાલ કોણે દીઠી છે

તો પછે મુંઝીયા પણ પ્રભુરે કાલ કોણે દીઠી છે
કહો આવે તે શા કાજરે, કાલ કોણે દીઠી છે, આ ૩

પ્રભુ તુમ નામના વર્ણમાંરે, કાલ કોણે દીઠી છે,
રહયો ખુશ કરવાનો અર્થરે, કાલ કોણે દીઠી છે,
જો દીન અરજ ન ધારશોરે કાલ કોણે દીઠી છે
તો તે થાશે નિરર્થકરે કાલ કોણે દીઠી છે, આ ૪

શ્રવણ થકી મે સાભળ્યુરે, કાલ કોણે દીઠી છે,
તાર્યા લોક અનેકરે, કાલ કોણે દીઠી છે
એ લાલચથી હુ આવીયોરે કાલ કોણે દીઠી છે,
ધરી તુમ ચરણોની ટેકરે કાલ કોણે દીઠી છે આ ૫

આશા પુરો પ્રભુ માહરીરે કાલ કોણે દીઠી છે
હવે નહિ કરશો નિરાશરે કાલ કોણે દીઠી છે
હૃદયકમલ મુજ ખોલીનેરે કાલ કોણે દીઠી છે
કરજો કલ્યાણ પ્રકાશરે કાલ કોણે દીઠી છે આ ૬

શ્રી સુમતીજીન સ્તવન

વિમલાચલ વાસી મારા વાલા સનેહી—એ રાગ

સુમતીજીન સ્વામી મારા વ્હાલા સેવકને તારો સહી
ઉગારો સહી
ભવ બીચમાહુ દુખ અતિ પામુ, સર્વજ્ઞ સવિ
જાણો સહી, સત્ય માનો સહી
મોહ હત્યારો દુખ કરનારો, મારે છે બહુ માર,
કાલ અનાદિથી તે નડીઓ આપે ન કોઈ આધાર સે ૧

કાલ અનદિનુ કેદખાનુ, નિગોદ જેનુ નામ
કાલ અનાદિ બાંધી પુર્યો ત્યા મને મહાદુખ ધામ, સે ૨
અનાયાસ તે બેડી તુટી કર્યો ન કાઈ ઉપચાર
પુણ્ય ઉદય હવે નરભવ પામી, હુ આવ્યો પ્રભુ દરબાર સે ૩
પણ વચ વચમા વિચાર આવે કદી ન પકડી કેર,
તેહજ સ્થાને બાંધી રાખે કરે છે પુરૂ નિજ વેર, સે ૪
તેહ કદથી તમે પ્રભુ નીકાલી કરીઓ તેના નાશ,
જેહ રીતથી તેહ મુજ શીખાવો, તેને મારી કરૂ
પુરી આશા, સ ૫
હરિહર બ્રહ્માદિને વિડબ્યા કર્યા પોતાના દાસ,
તેહજ મોહનો ચુરો કરવા બન્યા સમર્થ તમે ખાસ સે ૬
તમ જાણી તુમ શરણુ લીધુ પુરો મારી આશ
નિજ સેવકમા શક્તિ મુકી તારો કલ્યાણ નિજ દાસ સ ૭

શ્રી સુમતિજીન સ્તવન

સુમતિનાથ સ્વામી અરજ સુણોને હમારી—એ ટેક
સુન્દર મનોહર મુરતિ પ્યારી જાણે ઉગ્યો ભાણ
માતરમાહે આપ બિરાજો શુ કરૂ વખાણરે સુમ ૧
સાચા દેવજ નામ આપનુ ઉપગારી અરિહંત
અયોધ્યા નગરીના વાસી ભયભજન ભગવતરે સુમ ૨
સેવકના મનવછિત પુરો ચિતા કરશો ચુર
શા માટે હવે દેર કરો છો આવ્યો છુ હજુરરે સુમ ૩
દાદાજી દ્યો દરશન અમને જાણી છોરૂ આજ,
તમ દર્શનથી સિદ્ધિ થાશે રહેશે મારી લાજરે સુમ ૪

માતર ગામ માંહે ગુણ ગાયા, આજે વાર વાર
કલ્યાણ મુનીની સંગે સૌને, ભવજલ પાર ઉતારરે સુમ ૫

શ્રી સુમતિજીન સ્તવન.

માતા મરુદેવિના નંદ—એ રાગ

માતા મંગલાજીના નંદ દેખી તાહરી મુદ્રા મારૂ
પાપ શોભાગુજી
કે મારૂ ચિત્ત ચોરાણુજી કે મારૂ દીલ લોભાણુજી
દેખી તાહરી મુદ્રા મારૂ પાપ શોભાણુજી માતા ૧
લાખ ચોરાશી યોનિ ભટક્યો કહેતાં ન આવે પાર
છેદન ભેદન દુખ સહીને આવ્યો તુમ દરબાર માતા ૨
માતર ગામમાં આપ બિરાજો દર્શન દીયો માહારાજ
તુમ દર્શનથી આ સેવકના સરસે સઘલા કાજ માતા ૩
પ્રભુ મુદ્રા અતિ આનન્દકારી મોહ્યા નરને નાર
અંતરંગ મલ દુર નિવારી, હવે પ્રભુ મુને તાર માતા ૪
તુહી દાતા તુહી માતા તુહીજ મારે દેવ
તુમ દર્શનથી સમકિત પામી કરૂ તુમારી સેવ, માતા ૫
સંવત ઓગણીસ છોતેર સાલે શ્રાવણ માસ મોઝાર
કહે કલ્યાણ મુજ અરજ સુણીને ભવજલ પાર ઉતાર માતા ૧

શ્રી પદમપ્રભુજી સ્તવન.

માન માયાના ...નાર—એ રાગ

પ્યારા પદમ પ્રભુ સુખદાયારે, જેની અતિ શીતલ છે છાયા,
પેખી લેને તુ પુસ્તક પુરાણારે, કેવા એમના
ગુણ છે લખાણા

જુઠા કુદેવા જુઠી છે સેવા, જુઠેરે જગ ભરમાયા,
સમજુ તે સમજી જુદા થયા પણ, મુરખ બિચારા સપડાયારે,
જેની અતિ શીતળ છે છાયા — પ્યારા ૧

મિથ્યાત્વ મોહના ઉદયથી ભાઈ ઘણા જીવો કુદેવમા ફસાયા
મોહના ઝપાટાથી કોણ બચ્યુ છે, શિવાય જીન જીનરાયારે,
જેની અતિ શીતલ છે છાયા — પ્યારા ૨

પરમ સુદેવા કરો જીન સેવા મેળવશો મોક્ષના મેવા,
જીન ભજે તે જીન ગુણ પામે રાગી સેવ્યાથી રાગે ભરાણારે,
જેની અતિ શીતલ છે છાયા — પ્યારા ૩

પ્રભુ ન કર્ત્તા હર્ત્તા જગતના નહિ રાગદ્વેષમા ફસાયા,
જે રાગી દ્વેષી તેને પ્રભુ ન કહિએ, એમ શ્રી શાસ્ત્રે ફરમાયારે,
જેની અતિ શીતલ છે છાયા, — પ્યારા ૪

— ——

શ્રી સુપાર્શ્વજીન સ્તવન

સુરંગી, સુરંગી—એ રાગ

સુપાર્શ્વ, સુપાર્શ્વ સુપાર્શ્વ પ્રભુ મિલગયે સુપાર્શ્વ
પ્રભુ મિલ ગયે
સફલ ભયો દીન આજ, — સુ
એકતો મે વિનવુ મે વિનવુ, મે વિનવુ, હુ સ્વામી
મે વિનવુ છુ સ્વામી,
પામી આજે પ્રસ્તાવ — સુ ૧
એકતો હુ કર્ત્તા, હુ કર્ત્તા, હુ કર્ત્તા પરભાવનો, હુ કર્ત્તા પરભાવનો,
ભોક્તા પુદગલ રૂપ, — સુ ૨

એકતો મે આતમ, મે આતમ, મે આતમ ધર્મ વિસારીયો,
મે આતમ ધર્મ વિસારીયો,
સેવ્યો મિથ્યા માર્ગ, સુ ૩
એકતો પરમાતમ, પરમાતમ પરમાતમ પ્રભુ દેખતા,
પરમાતમ પ્રભુ દેખતા
ભાગી ભ્રાન્તિ અનાદ, સુ ૪
એકતો જીનજીનમ, જીનજીનમ, જીનજીનમ, સત્તા ઓળખી,
જીનજીનમ સત્તા ઓલખી,
તારણ વાલે ભગવાન, સુ ૫
એકતા મે ક્રોધી, મે ક્રોધી, મે ક્રોધી હુ પુરા
મે ક્રોધી હુ પુરા
જુઠી ક્રિયા માગી જાન સુ ૬
એકતો મે આયા, મે આયા, મે આયા દરબારમે,
મે આયા તુમ દરબારમે
આપો અક્ષય સુખ આજ સુ ૭

શ્રી સુપાર્શ્વજીન સ્તવન

આખ વિના અધારૂરે— એ રાગ

ભવજલ પાર ઉતારોરે, સુપાર્શ્વ દેવા ભવજલ પાર ઉતારો,
કોઈક મન વાસુદેવા, કોઈ કરે શિવની સેવા,
મારે મન તુમ વિન અવર ન પ્યારો પ્યારોરે, સુ ૧
કોઈ મન બ્રહ્મા ભાવે, કોઈ રામ નામ ગાવે,
કોઈ વલી એથી ન્યારો ન્યારોરે, સુ ૨

મારે મન એથી ન્યારૂ શરણુ તુમારૂ ધારી,
શીવ સુખ આપો, કાપો ભવદુખ મારીરે, સુ ૩

કહા કહુ અતરજામી, તુમ હો પ્રભુ ગુણો કે ધામી,
કીરપા કરો હરો દુખ મારો મારોરે, સુ ૪

સુપાર્શ્વનાથ સ્વામી કહુ છુ શીરનામી,
કલ્યાણની અરજ સ્વીકારો સ્વીકારોરે, સુ ૫

શ્રી ચદ્રપ્રભુજીન સ્તવન.

રેખતા રાગ

અરે જીનરાજ સુનો મહારાજ, અરજ દીલમા ઉતારોને,
કરૂ સેવા સદા તોરી, અનાદિ ભૂલ ટારોને,

સાખી.

કરજોડી વિનતિ કરૂ, સુણજો દીન દયાલ,
જીમ જલવિન થલમિન છે, તિમ સેવકનો હાલ,
તડપતા હુ જડપતા હુ, દયા જલસે ઉદ્ધારોને, અરે ૧

સાખી.

કરૂણાવત કરૂણા કરી, મુજ પાપીકુ તાર,
ચદ્ર પ્રભ સમ દેવ નહિ, દેખલીયા સસાર,
તરન તારન કહાતે હો, બિરૂદ અપના સભારોને, અરે ૨

૧૧૭૮

સાખી.

ચદ્ર પ્રભુ કે નામસે, સર્વ ઉપાધી જાય,
દર્શનસે ભવ ભય મિટે, પુજત પાપ પલાય,
ભવિદુ મોક્ષ નગરીકા, સરલ રસ્તા બતાયાહે, અરે ૩

સાખી.

જગ બધવ જગતાતજી ત્રાણ શરણ આધાર,
પ્રજ્ઞાસે માનો સહી, સુર ગુરૂ સમ અવધાર,
દેઈ ઉપદેશ હિતકરી, ચતુર્વિધ સઘ બનાયાહે, અરે ૪

સાખી.

નિર્સંદેહ ભક્તિ કરી, તુમ સેવાથી ખાસ
ઉજવલ હોવે આતમા, સફલ ફલે તમ આજ,
એહી અરજી હમારીહે, કલ્યાણકા કાજ સારોને, અરે ૫

શ્રી સુવિધીનાથજીન સ્તવન.

જીન રાજા તજા સુવિધિ બિરાજે આપ સ્વરૂપસે,
દેશોદેશ ભટકત હુ ફરીઓ પચમ કાલ મેજાર,
સુવિધિનથને પાય પડીને, કરૂ સફલ અવતારરે, જી ૧
પ્રભુ દર્શનસે દર્શન હોવે, દર્શન અનુભવ રૂપ,
અનુભવ આવે શીવસુખ પાવે, અનુભવ મોક્ષ સ્વરૂપરે, જી ૨
પ્રભુ મુખ મટકે લોચન લટકે, વરી જાઉ વાર હજાર,
ઈદ્રાણી મલી મગલ ગાવે મુખ બોલે જય જયકારરે જી ૩

તુ તારક ત્રિભુવન છે સ્વામી, સહુ જીવનો સુખકાર,
પાપી અધમ આ સેવક દેખી, તાર તાર મુજ તારરે, જી ૪
તુજ મુદ્રા મુજ મન વસી છે, કાપ કરમકી ફાસ,
કેવલજ્ઞાન કૃપા કરી દીજે, મુક્તિ પુરીનો વાસરે, જી ૫
ચિન્તા ચુરો આશા પુરો, કરો સેવકપર મહેર,
કર જોડી મુનિ કલ્યાણ વિનવે તુમ નામે લીલા લહેરરે, જી ૬

શ્રી શીતલજીન સ્તવન.

મન વટા ભુવન રંગ છાયા—એ રાગ

શીતલજીન પતિ ગુણ ગાયા, હરખે વધાયા ખુશી થાયા,
પ્રભુ કરૂણા કોમલતા ધારી, સરવે જગ જ તુને હિતકારી,
કર્મ વિદારી લીધી શીવ બારી, શીતલજીન તારો,
પાર ઉતારો શી ૧
તમે શીવમણીના રાગી, સરવે મોહ માયા ને ત્યાગી,
શુદ્ધ આત્મ રમણતા જાગી, શીતલજીન તારો,
પાર ઉતારો શી ૨
શુદ્ધ ભાવે હુ જીન ગુણ ગાઉ, પ્રભુ હૃદય કમલમા ધ્યાઉ,
અંતર તે રટના લગાઉ, શીતલજીન તારો,
પાર ઉતારો શી ૩
મુને લાગી તુમ શુ પ્રીત, બીજો ન આવે કોઇ ચિત્ત,
પ્રભુ દેખીને થાય દીલ રીત, શીતલજીન તારો,
પાર ઉતારો શી ૪

ભવો ભર્વ તુમ ચરણની સેવા, માગુ પ્રભુ દેવાધિદેવા,
આપો કલ્યાણને મોક્ષના મેવા શીતલજીન તારો,
પાર ઉતારો, શ્રી ૫

શ્રી શીતલજીન સ્તવન.

કશરીઆ થારુ—એ રાગ

શ્રી શીતલ જીણદા, ધ્યાન ધરૂ હુ હવે તાહરૂ,
અ તરાય પણ દુર કરીને, હાસ્ય દુષણ નિવાર્યુ,
અરતિ રતિનો નાશ કરીને, ટાળ્યુ ભયનુ બારૂરે, શ્રી શી ૧
શોક જુગુપ્સા દુષણ વરજી, કામ કટકને માર્યુ,
મિથ્યા મોહનો મદ ઉતારી, તોડ્યુ અજ્ઞાન અકારૂરે શ્રી શી ૨
વેરણ નિદ્રાને તમે વારી, અવિરતિ દુષણ વાર્યુ,
રાગ દ્વેશને દુર કરીને, રાજ્ય પોતાનુ ધાર્યુરે, શ્રી શી ૩
એ અષ્ટાદશ દુષણ વારી, પ્રભુતા પદ તમે પામ્યુ,
તે પદ, મેળવવા શ્રી જીનજી, મન તલસે છે મારૂરે, શ્રી શી ૪
હરિહર બ્રહ્માદિક દેવોએ સ્થાન એઓને આપ્યુ
નિજ આતમમા તેથી તેમનુ, મુખડુ ન લાગે મને સારૂરે,
શ્રી શી ૫
પ્રભુ તુમારી નિશદીન દીલમા, વીતરાગતા ધ્યાવુ,
કેવલજ્ઞાન વિકસાવો વ્હાલા, કલ્યાણ
મોક્ષ સુખ પાવુરે, શ્રી શી ૬

શ્રી શ્રેયાંસજીન સ્તવન.

થઈ પ્રેમ વશ પાતલીયા—એ રાગ

શ્રી શ્રેયાંસજીન જયકારી, હરી ચિન્તા સર્વ હમારીરે,
શ્રી શ્રેયાંસ આપ પ્રતાપ હે જીનવરજી મારગ શુદ્ધ
પિછાન્યો,
નહી અન્યદેવ મન માન્યો, દેખ્યા તુમ મમ ઉપકારીરે, શ્રી શ્રે ૧

કાલ અનંતા ભવ ભ્રમ કરકે, દર્શ તુમારા પાયા,
ભવ સંચિત કર્મ ખપાયા, છોડું નહિ શરણ તુમારીરે,
શ્રી શ્રે ૨

ભવ અટવીમે જ્ઞાન તુમારા, હમકો રાહ બતાવે,
મમ મિથ્યા મોહ મટાવે, તુમ દર્શનકી બલિહારીરે, શ્રી શ્રે ૩

વિષ્ણુદેવી નંદન કેરી, મુરતી મોહનગારી,
ભવિજન સંકટ હરન ગી, સેવે મુનિ ગુણ સુરવૃંદારે, શ્રી શ્રે ૪

કૃપાદ્રષ્ટિ તુમ હોવે સ્વામી શીવ સુખ લક્ષ્મી પાઉં,
કહે કલ્યાણ શ્રેયાંસ ગુણ ગાઉં, ધ્યાઉં ધરી હર્ષ
અમ દારે, શ્રી શ્રે ૫

શ્રી શ્રેયાંસજીન સ્તવન.

વીતરાગ કો દેખ દરસ, દુવિધા મોરી મિટ ગઈરે—એ રાગ

શ્રી શ્રેયાંસનાથ જીન સુખદેન, મન અમીરસ ભીનોરે,
મન—એ ટેક

શ્રેય સ્પુરતા, સબ જીવ સંગ, હુરતા સકલ દુ:ખ
ભાર પ્રસંગ,
સિંહપુર વાસી પાપ ભંગ, વીષ્ણુકુલ લીનોરે, શ્રી શ્રે ૧

કરમ ચુરણ ચારિત્રસંગ, અધ્યાત્મ પૂરણ મન રંગ,
ચેતનતા પ્રગટ કરી અંગ, શીવસુખ રસ પીનોરે શ્રી શ્રે ૨

શ્રદ્ધા સકલ ક્રિયાકા સંગ, ઉસકા મૂલ હે જ્ઞાન અભંગ,
કેવલજ્ઞાન ધરો મન રંગ, ગુણ પ્રગટ કીનોરે, શ્રી શ્રે ૩

કામિત પુરણ કામધેનુ, મદ મોહકુ ચુરણ ઠામફેન
મનકો લીયો અતિ આરામ ચેન સમકિત રસ
દીનોરે શ્રી શ્રે ૪

કલ્યાણ કહે જીન પદકુ એન, ઉદ્ધારો ભવિતાર લેન
હોય મુક્તિ સહેજ પદ દેન, ભવ ભય સબ છીનોરે,
શ્રી શ્રે ૫

શ્રી વાસૂપૂજ્યજીન સ્તવન.

આદિ તે અરિહંત—એ રાગ

સુંદર શ્રી વાસૂપૂજ્યની, છબી છાજે છે,
પ્રભુ ગંગાજલ ગંભીર, કિર્તિ ગાજે છે,

ચંપાનગર સોહામણું, ઘણું દીપે છે,
વસુપૂજ્ય નરિંદનોનંદ, કંદર્પ જીપે છે

ચદ્રમા માતાએ ઉર ધર્યો, મન રજે છે,
મહિષ લછન લાલવાન, ભાવઠ ભાજે છે,

પ્રભુ ભોગ કરમનો ક્ષય કરી, વ્રત લીધુ છે,
પ્રભુ દેશના ધ્વની વરસત, ભવિ પડિ બોહે છે

ભક્ત વત્સલ પ્રભુતા તણી જન તારે છે,
બુડતા ભવજલ માહિ, પાર ઉતારે છે,

ગુરૂ ઉદ્યોત મુનિ પ્રભુ નામથી, દુખ નાશે છે,
કહે કલ્યાણ કરો એક ધ્યાન, નવ નિધિ પાસે છે,

શ્રી વાસૂપૂજ્યજીન સ્તવન.

જઇ પુન્નેલાલ સમેતશિખર ગિરિ ઉપર પામજી નામલા—એ રાગ

ભજો વાસૂપૂજ્ય ભક્તિ ભરે કરી નિજ આતમને તારવા
પ્રભુ પુજો લાલ કરમ હણીને મોક્ષતણા ફલ ધારવા,

સેવા દર્શન નિત્ય દર્શન કરીએ, પ્રભુ પુજી અતિવ હરખ ધરીએ
એથી ભવાતરે દર્શન વરીએ ભજો ૧

એ પ્રભુએ મુજ કામણ કીધુ, ચિતડુ મારૂ ચોરી લીધુ,
પ્રભુ દર્શનામૃત તે મે પીધુ ભજો ૨

જેને મોહમલ્લને દુર કર્યો, કૈવલ્ય જ્યોતિપ્રકાશ ધર્યો,
વલી સુદર શિવરમણીને વર્યો ભજો ૩

પ્રભુ દુખ દોહગના હરનારા, પ્રભુ આતમ ગુણુના ભરનારા,
પ્રભુ ધ્યાતાને ધ્યેય કરનારા ભજો૦ ૪

પ્રભુ ધરમતણા છે દાતારી, નિજ વાણીથી મમતા હારી,
એમા કાઇક મ્હારી પણ ઉતારી ભજો૦ ૫

પ્રભુ શીવસુખ રમણીને વરીયા, ચિદાનદ પદ પ્રગટ કરીયા,
કહે કલ્યાણ નિરાવરણી ધરીયા ભજો૦ ૬

શ્રી વીમલજીન સ્તવન.

તપપદને પુજીજે હો પ્રાણી—એ રાગ

ભવિકા વિમલજીનને જુહારે, આતમ પરમ આધારોરે,
ભવિકા વિમલજીનને જુહારો એ ટેક.

જીન સારીખી જીન પ્રતિમા જાણો, શકા ન કરો કાઇ,
પ્રભુની વાણીને અનુસારે, પ્રીતી ધરો સવાઇરે
ભવિકા વિમલજીનને જુહારો ૧

પ્રભુ બિબનુ જે સ્વરૂપ ન જાણે, કહો તે કેમ કરી જાણે,
અજ્ઞાન ભૂલમા ભૂલ્યા ભમીયા, તે નવિ તત્વ પિછાણેરે
ભવિકા વિમલજીનને જુહારો ૨

બહુ ભકતે પ્રભુ પડિમા જોતા, હોય નિશ્ચય ઉપગાર,
પરમાતમ ગુણ પ્રગટે પુરણ, જોજો આર્દ્ર કુમારરે
ભવિકા વિમલજીનને જુહારો ૩

અહિસા દશમે અગે દેખી, જીન પુજામા જીનરાજે,
આગમના એ અરથ મરોડી, કેમ કરીએ અકાજરે
ભવિકા વિમલજીનને જુહારો ૪

સતી દ્રૌપદી સમકિત ધારી, કીધી પુજા મન રંગે,
અરથ એહનો જો જો વિચારી, જ્ઞાતા છઠ્ઠે અંગેરે
ભવિકા વિમલજીનને જુહારો ૫

ઇત્યાદિક પ્રભુ વચનની શાખે, શંકા મતી કોઈ કરજો,
પ્રભુ પડિમા દેખીને નવનવા, ભાવહૃદયમા ધરજોરે
ભવિકા વિમલજીનને જુહારો ૬

શ્રી વીમલજીન ચરણ પસાયે, શ્રદ્ધા હોજો સવાઈ,
ઉદ્યોત મુનિ ગુરૂના ઉપદેશે, કલ્યાણ પ્રભુ ગુણ ગાઈરે.
ભવિકા વિમલજીનને જુહારો ૭

શ્રી અનંતનાથજીન સ્તવન.

આશા કરીને હતો આવીયો જીણંદજી–એ રાગ

શ્રી અનંતનાથ દ્વારે આવીયો જીણંદજી, દરશન કરવાને કાજરે,
માયા તોરી લાગીરે જીણંદજી એ ટેક.
અવગુણ મુજમા અનંત છે જીણંદજી, તુમ ગુણ અનંત અનંતરે
માયા તોરી લાગીરે જીણંદજી
મોહરાય વશ હું પડયો જીણંદજી, તુમેતો કીધો તસ અંતરે,
માયા તોરી લાગીરે જીણંદજી શ્રી અનંત૦ ૧

હું રાગી ઘણો લાલચી જીણંદજી, તુમેતો થયા વીતરાગરે,
માયા તોરી લાગીરે જીણંદજી
રાગ દ્વેષ મુજ ટાલીયે જીણંદજી, ચાર કષાયનો ત્યાગરે,
માયા તોરી લાગીરે જીણંદજી શ્રી અનંત૦ ૨

પાપ અનંતા મે કર્યા જીણંદજી, કુડ કપટનો ગેહરે,
માયા તોરી લાગીરે જીણંદજી

આ પાપીને ઉદ્ધારશો જીણદજી, છો તારક નિસ દેહરે,
માયા તોરી લાગીરે જીણદજી શ્રી અનત૦ ૩
તુમ સમ તારક કોઈ નહિ જીણદજી, મુજ સમ પાપી નહિ અન્યરે,
માયા તોરી લાગીરે જીણદજી
કરૂણા નજર હવે કીજીયે જીણદજી, તો હુ થાઉ ધન્ય ધન્યરે,
માયા તોરી લાગીરે જીણદજી શ્રી અનત૦ ૪
ભવમા ભટકયો હુ પ્રભુ વિના જીણદજી, કરો મારા ભવનો અતરે,
માયા તોરી લાગીરે જીણદજી
ઉદ્યોતમુનિના બાલને જીણદજી, આપો અક્ષયજ્ઞાન અનતરે,
માયા તોરી લાગીરે જીણદજી શ્રી અનત૦ ૫

શ્રી અનતનાથજીન સ્તવન.

કવાલી

અનતજીન સુત લીયો ભગવાન, અરજ તુમસે ગુજારૂ હુ—એ રાગ
લગાકર કર્મને ઘેરો, યોનિ લખ વેદવસુ ફેરો,
જન્મ મરણો કીધગ મે, હા હા કયા કષ્ટ ધારૂ હુ અ૦ ૧
શ્વાસોશ્વાસ એકમે જીનજી, સત્તર મરણો જનમ લીયા,
ગતિ નિગોદ વિકારોમે અનતા કાલ હારૂ હુ અનત૦ ૨
નરક દુખ વેદના ભારી, નિકલનેકી નહિ બારી,
શરણુ વહા હે નહિ કિસીકા, પ્રભુ એ સચ્ચ પુકારૂ હુ અ૦ ૩
ગતિ તિર્યંચકી પામી, જીહા નહિ દુખકી ખામી,
જખી દુખસે ચક્કર આવે, નહિ આખોસે ભાલુ હુ, અ૦ ૪
મુજે એસા કરો ઉપકૃત, હોઉ મે જીસસે નિર્મલ હૃત્,
કલ્યાણ શરણકો પાઇ, મોક્ષ લક્ષ્મી નિહાળુ હુ અ૦ ૫

શ્રી ધર્મનાથજીન સ્તવન.

કાનુડા તારી કામણ ગારી—એ રાગ

ધર્મજીન તોરી પુજા સુખકારી, આતમ પાવન કરનારી—એ ટેક.
દ્રવ્ય ભાવસે પ્રભુ તુમ પુજા, કરતે નરનારી,
ગુણગાવે, સુખપાવે, જય જય જગ જન હિતકારી
આતમ પાવન કરનારી ધર્મજીન૦ ૧
અષ્ટાપદ ગિરિ જીનવર પુજા, રાવણકી ભારી,
બજીવીણા, દુઃખખીણા, લીના જીનવરપદ સારી
આતમ પાવન કરનારી ધર્મજીન૦ ૨
અર્હન્ત સેવા શીવસુખ મેવા, કરતી ભવપારી,
કરૂ પૂજા, મન સૂજા, જીનકે ઉનકી બલિહારી
આતમ પાવન કરનારી ધર્મજીન૦ ૩
ધર્મ જીનેશ્વર જગ પરમેશ્વર, ભવિજન હિતકારી,
કરી કરૂણા દુઃખ હરણા, સરણા તુમના દીલધારી
આતમ પાવન કરનારી ધર્મજીન૦ ૪
મોહન ઉદ્યોત વંછીત પુરો, શીવસુખ અધિકારી,
તુમ ધ્યાઉ, એહી ગાઉ, કલ્યાણકે ભવદુઃખ ટાળી
આતમ પાવન કરનારી ધર્મજીન૦ ૫

શ્રી ધર્મનાથ જીન સ્તવન.

ચંદ પ્રભુજીમે ધ્યાનરે—એ રાગ

શ્રી ધર્મનાથ જીનચંદરે, પ્રભુ પ્રેમે પ્રણમીયે,
પ્રેમે પ્રણમીયે, ભવદુઃખ હણીએ શ્રીધર્મનાથ૦
જગજીત્ર તારક સબદુઃખ હારક,
સ્મારક શુધ સ્વરૂપરે પ્રભુ૦ શ્રીધર્મનાથ૦ ૧

ભાનુ નંદન સુવ્રતા માતા,
લંછન વજ્ર સોહતરે પ્રભુ૦ શ્રીધમનાથ૦ ૨

પ્રભુ મુખ મુદ્રા માનુ સોહે,
મોહ તિમિર હર ભાણુરે પ્રભુ૦ શ્રીધર્મનાથ ૩

વાણી ચંદન સમ શીતલ છે,
હરે વિવિધ જન તાપરે પ્રભુ૦ શ્રીધર્મનાથ ૪

મહા ગોપ નિર્યામક જગમા,
સકલ જીવ હિતકારરે પ્રભુ૦ શ્રીધર્મનાથ ૫

લોકાલોક પ્રકાશક વ્હાલા,
કલ્યાણ કેવલ પ્રકાશરે પ્રભુ૦ શ્રીધર્મનાથ૦ ૬

શ્રી શાંતિજીન સ્તવન.

તનમન ધનમે કોણ બડાઈ—એ રાગ

શાંતિ જીનેશ્વર પ્રીતે ગાઉં,
ગુણગાતા મનમા હર્ષાઉ—એ ટેક
કાલ અનંતો મે છે ગમાયો,
નાથ નિરંજન હાથ ન આવ્યો શાંતિ૦ ૧

નાથ નિરંજન હવે હું પાયો,
માનુ અંધ સબદુર ભગાયો શાંતિ૦ ૨

વિશ્વસેન નંદન કરો અંજન,
ભ્રમ નસાડી કરો મન રંજન શાંતિ૦ ૩

નિરંજન કરે અંજન કેવુ,
ન હોય ભવમા મંજન તેવુ શાંતિ૦ ૪

નિમિતના અવલબનથી એ,
નિજ વિચારે ઘટના કરીએ શાન્તિ૦ ૫
કલ્યાણ લક્ષ્મીના હો વિલાશી,
પામી હવે હુ ન રહુ ઉદાસી શાન્તિ૦ ૬

શ્રી શાન્તિજીન સ્તવન.

આવો આવો પાસજી મુજ મલીઆરે—એ રાગ

આજે મુને શાન્તીનાથજ મલીયારે,
મારા મનના મનોરથ ફલીયા આજે મુને૦
પ્રભુ ત્રીગડામા આપ બિરાજોરે ચૌતીશ અતિશય છાજોરે,
પ્રભુ પાત્રીશ વાણી ગુણ ગાજો આજે મુને૦ ૧
પ્રભુ મારા છો અતરજામીરે, કરૂ વિનતી હુ શીર નામીરે,
ચૌદ રાજના છો તુમે સ્વામી. આજે મુને૦ ૨
પ્રભુ કંચનવરણી છે કાયારે, દેખી હરખે સુરરાયારે,
નરનારી મલી ગુણ ગાયા આજે મુને૦ ૩
દેશદેશના જાત્રુ આવેરે, મહીમા સુણી હરખાવેરે,
નમી વદીને પાવન થાવે આજ મુને૦ ૪
કબજે આવ્યા હવે નાથરે, શોલમાછો શાન્તીનાથરે,
મુને આપોને શીવપુર સાથ આજે મુને૦ ૫
સવત ઓગણી શતોતેર સાલરે, જેઠ સુદી પુનમ મનોહારરે,
કલ્યાણમુનિને તાર આજે મુને૦ ૬

શ્રી શાંતિજીન સ્તવન.

શાતિજીનરાયારે, પુણ્યોદય પાયારે, પ્રભુ મોહે તારીયેહોજી,
વારી પ્રભુ અચિરાનદન જીન આપ શાતિજીન૦ ૧

સાખી.

કાલ અનાદિ ચક્રમા, ભમતા કાલ અનત,
દુ ખ અનતા પામીયો, તો નહિ આયો અત
વારી પ્રભુ કર્મવિધિના એ પ્રતાપ શાતિજીન૦ ૨

સાખી

વીશનગર પ્રભુ દેખીને, આનદ હરખ ન માય.
મનોહર મુરતિ તાહરી, દેખી પાપ પલાય
વારી પ્રભુ આનદ હરખ અપાર શાતિજીન૦ ૩

સાખી.

દીનદયાલ દયાકરી, ઉતારો ભવપાર,
કરૂણાસિધુ જાણીને, આવ્યોછુ દરબાર
વારી પ્રભુ રોમ રોમ હરખાય શાતિજીન૦ ૪

સાખી.

અષ્ટકરમ દુરે કરી, પામ્યા શીવપદ સાર,
ભવોભવના દુ ખ કાપીને, કરો મારો ઉપકાર
વારી પ્રભુ કલ્યાણ મુનિ ગુણગાર શાતિજીન૦ ૫

શ્રી શાંતિજીન સ્તવન.

આદિ તે અરીહતજી—એ રાગ

શાતિ જીણદ અરિહતજી, પ્રભુ અમનેરે
આવ્યો દર્શન કરવાને કાજ, શુ કહુ તમનેરે ૧

ઘડીપલે સભારતા, પ્રભુ અમનેરે,
દ્યો દર્શન મહારાજ, શુ કહુ તમનેરે,
લય લાગી પ્રભુનામની, પ્રભુ અમનેરે,
નથી મારે બીજાનુ કામ શુ કહુ તમનેરે ૨
ફરતો ફરતો હુ આવીયો, પ્રભુ અમનેરે,
મીયા તે ગામ મોઝાર, શુ કહુ તમનેરે
શાતિ તે નાથ દેખીને, પ્રભુ અમનેરે,
મુને હરખ થયોછે અપાર, શુ કહુ તમનેરે ૩
જનમમરણના દુખડા, પ્રભુ અમનેરે,
છોડાવોને માહારાજ, શુ કહુ તમનેરે
સાચી તે ભકતે સાહિબા, પ્રભુ અમનેરે,
આપો મોક્ષપુરીનુ રાજ, શુ કહુ તમનેરે ૪
સવત ઓગણીસ સીતાતેર, પ્રભુ અમનેરે,
જેઠ સુદી પુનેમ સુખકાર, શુ કહુ તમનેરે
મુનિ કલ્યાણ એમ વિનવે, પ્રભુ અમનેરે,
મુને ઉતારો ભવપાર, શુ કહુ તમનેરે ૫

શ્રી કુથુનાથજીન સ્તવન.

ઉતાર મેરે પ્રભુજી ભવજલસે પાર ઉતાર, ઉતાર મેરે પ્રભુજી
કાલ અનત ભમ્યો ભવમાહી, પાયાહે દુખ અપાર,
અપાર મેરે પ્રભુજી, ભવજલસે પાર ઉતાર ૧
જગવન દુખ દાવાનલ દહકે, સેવકકો લેજો ઉવાર,
ઉવાર મેરે પ્રભુજી, ભવજલસે પાર ઉતાર
કરૂણાજનક દશાહે મેરી, તેરીહે દ્રષ્ટિ ઉદાર,
ઉદાર મેરે પ્રભુજી, ભવજલસે પાર ઉતાર ૩

કુથુનાથ જીન અઘ દુર કરકે, ઉમતા ગામ મોજાર,
મોજાર મેરે પ્રભુજી, ભવજલસે પાર ઉતાર ૪

એ અસાર જગતમે કલ્યાણકો, આજ્ઞા તુમારીહે સાર,
સાર મેરે પ્રભુજી, ભવજલસે પાર ઉતાર ૫

શ્રી કુંથુનાથજીન સ્તવન.

સુણો ચંદાજી શ્રીમંધર પરમાતમ પાસે જાજો એ રાગ

સુણો કુથુનાથ, મુજમન ચાતક તુમવાણી વરસાબની,
તુમે સુખરૂપ જલના દરિયા છો, તુમે ગુણરત્નોથી ભરિયા છો;
તુમે મહા ગંભીરપદ વરિયા છો સુણો૦ ૧

પ્રભુ મુખ સારદ પુનમચંદા, મન ચકોર જોઈ આનંદા,
હરે ભવોભવ અઘ અટનફંદા સુણો૦ ૨

પ્રભુ સુરનર પતિના નંદન છો, ભવ્ય તપ્ત જીવોને ચંદન છો,
મુજ આતમ ગુણના મંડન છો સુણો૦ ૩

મુખકમલ શશિ સમ શોભેછે, દેખતા ભવિજન લોભેછે,
દેખી કરમ કટક દુર થોભેછે સુણો૦ ૪

પ્રભુ નેત્રકમલદલ સમ સારા, નિત્ય વહેછે જયા અમૃતધારા,
પ્રભુ શ્રાદ્ધ સાધુમન હરનારા સુણો૦ ૫

તુમ વાણીથી ભવ ફરી ગયો, મિથ્યાત્વ દુર્ગુણ મરી ગયો,
કહે કલ્યાણ આતમ તરી ગયો સુણો૦ ૬

શ્રી કુંથુનાથજીન સ્તવન.

સુરનરપતિ નંદન સુખકારી, ધરી ભાવહો નમુ તુજને,
શીવપુરના વાશી, સેવક તારીયેજી,

દોષ અઢારા વામી, સર્વ ગુણોકે ધામી.
નામી જગત ઉપકારી ધરી ભાવ૦ ૧
રૂપ તમારૂ જોઇ મુક્તિ ગઇછે મોહી,
કામ સુભટ ગયો હારી ધરી ભાવ૦ ૨
ભાવે નમુછુ સ્વામી, તમેછો અતર જામી,
રાખુ ન ખામી સેવા તારી ધરી ભાવ૦ ૩
કરૂણા નજર કરી, નાથ નિહાલો જરી,
તારો ભવરૂપી સાગર પારી ધરી ભાવ૦ ૪
ઉમતા ગામમા પાઉ, કુથુનાથને ધ્યાઉ,
કલ્યાણ નમેછે વારવારી ધરી ભાવ૦ ૫

શ્રી કુંથુનાથજીન સ્તવન.

સાભલજે મુનિ સજમ રાગે—એ રાગ

આજ ગયાતા અમે જીનમદીરમા, પ્રભુ દરશન કરવારે,
દર્શન કરતા આનદ પાયો, દુખ સકલ વીસરાવ્યોરે આ૦ ૧
દર્શનમે દર્શન જો હોવે, દર્શન દુરિત ગમાવેરે,
જ્ઞાન શ્રદ્ધા પુરણ પ્રગટાવે આપ સ્વરૂપ જણાવેરે આ૦ ૨
અજબ અનોપમ મુરતિ દેખી, અનુભવ પ્યાલો દીધોરે,
પુર્ણાનદ અક્ષય અવિચલ રસ, ભક્તિ પવિત્ર થઈ પીધોરે આ૦ ૩
ઊમતા ગામમા દર્શન પાયો કુથુનાથ સવાયોરે,
તીન ભુવન નાયક શુદ્ધ તમ, રોમ રોમ હરખાયોરે આ૦ ૪
જ્ઞાન સુધા લાલીની લહેરે, અનાદિ વિભાગ વિસાર્યોરે,
સમ્યગ્જ્ઞાન સહેજ અનુભવ રસ, સુચિ નિજ બોધ સમાયોરે
આ૦ ૫

ભોલાજીવો એમ શુ જોવો, મોહ મગન મત ગ્યોરે,
કલ્યાણમુનિ પ્રભુને એકતાને, મિલવો ને સુખ સાચોરે આ૦ ૬

શ્રી કુંથુનાથજીન સ્તવન.

વાસૂ પુજ્ય વિલાસી—એ રાગ

કુથુનાથ સ્વામી, અતર જામી, પુરો હમારી આશ
ઊમતા ગામમા આપ બિરાજો, મુગતિ મેહેન વેલ,
નરનારી મલી દર્શન આવે, કરેછે નવ નવા ખેલરે કુ૦ ૧
કેશર ચદન મૃગ મદ ઘોળી, સુગધ કપુર બરાશ,
અષ્ટ પ્રકારી પુજા કરીને, પુરણ કરેછે આશરે કુ૦ ૨
દેશ દેશના જાત્રુ આવે, મહિમા સુણી અપાર,
તારક પ્રભુ નામ સુણીને, આવ્યો છુ દરબાર કુ૦ ૩
આ ભવ તારો પર ઊતારો, કેમ કરોછો વાર,
નહિ તારોતો આ સેવકનો, કરશે કોણ ઊધાર કુ૦ ૪
આશા કરે કોઈ આપનીરે, નવિ મુકીયે નિરાશ,
સેવક પોતાનો જાણીનેર, દીજીએ તાસ દીલાશરે કુ૦ ૫
એવુ જાણી કુથુનાથજી સ્વામી, હૃદયમા ધરજો ધ્યાર,
કરજોડી મુનિ કલ્યાણ વિનવે, પ્રભુનામે જય જય કરરે કુ૦ ૬

શ્રી કુથુનાથજીન સ્તવન.

લલનાની દેશી—રાગ સારગ

શ્રી કથુનાથજીન વદીયે, અચલ અનત ગુણવાન લલના,
ક્ષાયિક ચારિત્ર ભોગથી, જ્ઞાનાનદ વિલાસ લલના શ્રી કુ ૧
પર પરિણા મિક્તા દશા, લહી પર કારણ યોગ લલના,
ચેતનતા પ્રગટ થઇ રાચે પુદગલ ભોગ લલના શ્રી કુ. ૨

અશુદ્ધ નિમિત્તતો જડ એ છે, વીર્ય શક્તિ વિહીન લલના,
તું તો વીરજ જ્ઞાનથી, સુખ અનંત લીન લલના શ્રી કું ૩
તુજ સેવાથી નીપજે, ભાંજે ભવ ભય સોગ લલના,
ઉમતા ગામમા નિશ્ચય કર્યો, નિજ પરિણતિનો ભોગ લલના
શ્રી કુ. ૪
સમ્યગ્ તત્વ જે ઉપદિશ્યો, સુણુતા તત્વ જણાય લલના,
શ્રદ્ધા જ્ઞાને જે ગ્રહ્યો, તેહિજ કાર્ય કરાય લલના શ્રી કુ ૫
ત્રાણ શરણ આધાર છો, પ્રભુજી ભવ્ય સહાય લલના,
કલ્યાણ પદ તે નીપજે, શ્રી જીનરાજ પસાય લલના શ્રી કુ ૬

શ્રી કુંથુનાથજીન સ્તવન.

રાગ—ભેરવી

દર્શન કરો સુખદાની, જીણંદજીકા દર્શન કરો સુખદાની,
પ્રભુ દર્શનસે ભવ ભય નાશે, એસો દેવ મન માની. જી ૧
ઊમતા ગામમા દર્શન પાયો, ભાગીછે ભવદુખ ખાની જી ૨
સમકિત નિર્મલ હોવે દરશનસે, નશે કુમતિ પુરાની જી ૩
અષ્ટ કરમ મલ દુર કરનકો, દર્શન નિર્મલ પાની જી ૪
દર્શન કરી ભવિ મોહ નિવારો, ધારો હૃદય જીનવાની જી ૫
કયા મહિમા મે કહુ જીનવરકા, સર્વ ગુણોકી ખાની, જી ૬
કુંથુનાથજીકા દર્શન પામી, સર્વ દુખોની કરી હાની જી ૭
નિરમલ ચરણની સેવા પાયો, મુનિ કલ્યાણ શુદ્ધ જાની જી ૮

શ્રી કુંથુનાથજીન સ્તવન.

ગઝલ

શરણ લે કુંથુજીનવરકા, ફિર ફિર નહિ મલે માકા,—એ ટેક

દેવનકે દેવ યે સોહે, ઇન્હોકો દેખ જો મોહે,
હઠે તસ દુ ખ દુનિયાકા, ફિર ફિર નહિ મલે મૌકા. શ૦ ૧
ઇન્હોકા નામ જો લેતે, ઉન્હોકો શીવ સુખ દેતે,
મારગ યહ મોક્ષ જાનેકા, ફિર ફિર નહિ મલે મૌકા શ૦ ૨
અનાદિકાલ ભવ ભટક્યા, જભી તુમ પાસસે છટક્યા,
મિલા અબ વખ્ત ધ્યાનેકા, ફિર ફિર નહિ મલે મૌકા શ૦ ૩
જીન્હોને ઉમતા ગામ તારા, કુ થુજીન મ ત્રકે દ્વારા,
વોહી તુમ તાર લેનેકા, ફિર ફિર નહિ મલે મૌકા શ૦ ૪
ગુણુહે આપમે જેસે, નહિ ઓર દેવમે એસે,
યહી ભવપાર લગાનેકા, ફિર ફિર નહિ મલે મૌકા શ૦ ૫
કહે કલ્યાણ જીણુદ સેવા, એસા હે અન્ય નહિ દેવા,
ભવાબ્ધિ પાર કરનૌકા, ફિર ફિર નહિ મલે મૌકા શ૦ ૬

શ્રી કુંથુનાથજીન સ્તવન.

હારે મારે ધરમ જીણુદશુ—એ રાગ

સિરિમાતા નદન જગદા નદન નાથજો,
હરખ ધરીને પ્રેમેરે નિત્ય ભેટીએરે લોલ,
ભેટયાથી શુ થાયે મોરી સહિયોજો,
ભવ ભવના પાતિકડા દુરે ભેટીએરે લોલ ૧

શીયલ સાડી પહેરી વિરતિ ચીરજો,
આવેને મદીરીયે જીન ગુણ ગાઇએરે લોલ,
પ્રભુ ગુણ ગાયે શુ થાયે મોરી બહેની જો,
પરભવરે દેવ પદવી મોક્ષ પામીયેરે લોલ ૨

સહીયર મલી ટોલી ઉત્તમ ભવજો,
આવોરે ગુણ ગાઇએ હયડે ગહ ગહીરે લોલ,
મુલ નયક શ્રી કુથુનાથ છે દેવ જો,
ઉમતા ગામ સરિખા જગમા કોઇ નહીરે લોલ ૩

પરમ નિરજન સુરનરપતિ સુત દેવજો,
પ્રગટેરે પ્રભાવિક શ્રવણે સાભલ્યોરે લોલ,
પામ્યો પ્રભુ તુમ ચરણાની હુ સેવજો,
સાચી ભક્તે તુમ ધ્યાને અવી મલ્યોરે લોલ ૪

ઊચપણે પ્રભુ પાત્રીશ ધનુષનુ માનજો,
સહસ પચાણુ વરસનુ આયુષ પાલીયુરે લોલ,
કલ્યાણ મુનિ વિનતિ કરે કર જોડજો,
રાત દીવસ તુમ ધ્યાન હૃદયમા ધારિયુ રે લોલ ૫

શ્રી કુંથુનાથજીન સ્તવન.

તુમ દીનકે નાથ દયાલ લાલ—એ રાગ

શ્રી કુથુનાથ જીનરાજ પ્રભુ, તુમ દર્શન અતિ સુખકારી,
લાલ તુમ દર્શન અતિ સુખકરી લાલ તોરે દર્શનકી બલિહારી
શ્રી કુથુનાથ ૧

અષ્ટાદશ દૂષણ કે ત્યગી, દયા દશ ગુણકે ધારી,
લાલ તુમ દયા દશ ગુણકે ધારી, લાલ તોરે દર્શનકી બલિહારી
શ્રી કુથુનાથ ૨

ચદ્ર સમાન સોમ્યતા તોરી, મોહેછે ભવિ નરનારી,
લલ તુન મેહછે ભવિ નરનારી, લાલ તોરે દર્શનકી બલિહારી
શ્રી કુથુનાથ ૩

ગજપુરી નગરીમે જન્મ લીયો હે, છાગ લછન બલિહારી,
લાલ તુમ છાગ લછનબલિહારી, લાલ તોરે દર્શનકી બલિહારી
શ્રી કુથુનાથ ૪

રાજ્ય છોડી દીક્ષા પ્રભુ ધારી, કેવલ જ્ઞાન સ્વીકારી,
લાલ તુમ કેવલ જ્ઞાનસ્વીકારી, લાલ તોરે દર્શનકી બલિહારી
શ્રી કુથુનાથ ૫

સમેત શીખરે મોક્ષ સધાયે, અષ્ટ કરમકો જારી,
લલ તુમ અષ્ટ કર્મકો જારી, લાલ તોરે દર્શનકી બલિહારી
શ્રી કુથુનાથ ૬

કલ્યાણ દર્શન સુખસે પાયો, ગામ ઊમતામા ઉપગારી,
લાલ તુમ ગામ ઊમતામા ઉપગારી, લાલ તોરે દર્શનકી બલિહારી
શ્રી કુથુનાથ ૭

સ્તવન.

દાશપરે દયા-એરાગ

રકપરે દય લાવોરે, કુથુનાથ દેવા રકપરે દયા લાવો
નથીપુરો વ્રતધારી, નથી હુતો શુદ્ધાચારી,
મતિ વિકારી મારી મરીરે કુથુનથ દેવા ૧

તમેછો કેવલ જ્ઞાની, બધી મારી વાતો જાણી,
તોપણ ઉપેક્ષા ભાવો ભાવોરે કુથુનથ દેવા ૨

ભવઅટવીમા ભટકયો, ગર્ભોમા ઊંધો લટકયો
ત્યા મહા દુખ અટકયો અટકયોરે કુથુનાથ દેવા. ૩

પ્રભુ અનત સુખધની, પડે મને દુખ ભારી,
વ્હારે મારી તો આવો આવેરે કુથુનાથ દેવા ૪

પડુ અનીતિ કુપે, રમુ નહિ નિજ રૂપે,
અવગુણ નહિ તુમથી છુપે છુપેરે　　　કુંથુનાથ દેવા ૫
નિજા તમ રૂપ ધારી, તમે છો નિર્વિકારી,
દીઠો નહિ દેવ આવો આવોરે　　　કુંથુનાથ દેવા૦ ૬
ઉમતા ગામમા સ્વામી, ચરણોની ભક્તિ પામી,
નાખ્યુ મિથ્યાત્વ ચુરી ચુરીરે　　　કુંથુનાથ દેવા૦ ૭
કલ્યાણ એ ગુણ પાયો, આગેછે તુમથી દાવો,
મહેર નજર થાઓ થાઓરે　　　કુંથુનથ દેવા૦ ૮

સ્તવન.

રગ માઢ

મન મોહનગારી, સુરત તારી, લાગે પ્યારીજી,
મસ્તક મુગટ સોહે મન મોહન, બાહે બજુ બધ સાર,
રત્ન જડિતકી આગી સોહે, ગલે મોતીયનકો હારરે,
મે જાઊ બલિહરી સુરત તારી લાગે પ્યારીજી
આજ સારગ રાગ મે ગાઉ, પ્રભુથી ધ્યાન લગાય,
તન મનથી આનદ થયો તબ, પાપ કરમ કટ જાયરે,
પાઉ સેવા તમારી, સુરત તારી, લાગે પ્યરીજી,
દુનીયાકે સહુ દેવ છોડકે, સરણ તુમારે આય
કુંથુનાથ ભવ ફદા કાટો, પરમાનન્દ થાયરે,
મુજ આનન્દ ભારી, સુરત તરી, લાગે પ્યારીજી,
શુભ ચિન્તક સુખદાઈ પ્રભુ મેરે, કચન કોમલ કાય,
કલ્યાણ મુનિ દર્શન કરકે, રોમ રોમ હુલ સાયેરે
હુ આ જગ જયકારી, સુરત તારી, લાગે પ્યારીજી,

કુંથુનાથજીનુ સ્તવન.

ધન ધનવો જગમે નરનાર—એ રાગ

દરિશન દીજેજી માહારાજ તારક બિરૂદ ધરાને વાલે,
લીની શરણુ તુમારી આજ, ઇતના કરો હમાર કાજ,
રાખો બાહ ગ્રહેકી લજ ભવો દધિપાર લગાનેવાલે દ૦ ૧
પ્રભુ સર્વાર્થ સિદ્ધ ચલ આયે, ગજપુર નગર સુહાયે,
પીતા સુરનર પતિ પાયે, શ્રીમાત સૂત કહાને વાલે દ૦ ૨
લીયા જન્મ આપને સાર, કીના દુ ખીયોકા ઉદ્ધાર,
ધારણ કીયે મહાવ્રત ચાર, ધનુ પાત્રીશ દેહ ધરાને વાલે દ૦ ૩
દોડ સસાર લીયા વ્રતધાર, જો નવ વ્રતોમે હે સિરદાર,
ભવિજન તારે ભવજલ તાર, જન્મકે ફદ છુડાને વાલે દ૦ ૪
ઉમતા ગામમા દર્શન ધાર, કુંથુનાથ સ્વામી અવધાર,
પાયાહે હરખ અપાર, મુક્તિસે નેહ લગાને વાલે દ૦ ૫
પાવે પ્રભુ દર્શનકુ જામ, હોવે આત્માકુ વિશ્રામ,
હરદમ કરા ધર્મકે કામ, કલ્યાણ ગુણ પ્રભુ ગાને વાલે દ૦ ૬

કુંથુનાથજીનુ સ્તવન.

શ્રી કુંથુજીનપતિ, હરો વિઘ્ન સહતિ, સહાય કરો દર્શને,
કે લેશના ક્ષતિ,

પ્રભુ હમારા, દુ ખ હરનારા, સુખ કરછો માહારાજ,
ધ્યેય તમારા, ધ્યાન તાનથી, સીઝે સઘલા કાજ શ્રી કુ૦ ૧
પ્રભુજી પ્યારા, દીલ હરનારા હિત કરછો જીનરાજ,
રાગ દ્વેષને દૂર કરીને, પામ્યા છો શીવરાજ શ્રી કુ૦ ૨

દુર્ગતિહારી, કેવલધારી, આપો સન્મતિસાર,
રત્નત્રયી હું પામુ જેહથી, હોઉં ભવ જલપાર   શ્રી કુ૦ ૩
ઉમતામા તુમ દર્શન પ્રભુ વિકસિત સુદર થાઉં,
અવલબન લેવાથી જીનનુ, મલે કલ્યાણ સુખદાય શ્રી કુ૦ ૪

શ્રી અરનાથજીન સ્તવન.

અરનાથ સ્વામીરે, કહુ શીરનામીરે, પ્રભુ સુણો વિનતિહોજી,
વારી પ્રભુ તુમ સમ અવર નહિ કેઇ, વારી પ્રભુ દેખ લીયા
જગ જોય અરનાથ સ્વામીરે૦ ૧

સાખી

તુમ સરિખા શ્રી નાથજી, જાણો જગત મોઝાર,
આપ સ્વરૂપે રમી રહ્યા, અમે રૂલિયા સસાર,
વારી પ્રભુ કરમ તણા એ પ્રતાપ   અરનાથ સ્વામીરે૦ ૨

સાખી.

પ્રવાહ અનાદિકાલકો, કર્મચેતનસબધ,
દુર કર્યો તુમે પ્રભુ, અમને રહ્યાછે બધ,
વારી પ્રભુ છોડાવો દીન દયાલ   અરનાથ સ્વામીરે૦ ૩

સાખી

રાગ દ્વેષને જીતીને, ટાલ્યો કર્મનો દોષ,
મુજ ઉપર કૃપા કરો, તો થાયે ગુણનો પોષ,
વારી પ્રભુ કરો મુજ ચિદ્ઘન રૂપ   અરનાથ સ્વામીરે૦ ૪

સાખી.

નિર્દોષીના ધ્યાનથી, ધ્યાતા ધ્યેય અદોષ,
પારસમણિ કચન કરે, ગુણી આલબન જોશ,
વારી પ્રભુ કરો સેવક તુલ્ય રૂપ   અરનાથ સ્વામીરે૦ ૫

સાખી.

આતમ સત્તા સારિખી, સબ જગ જીવ સ્વભાવ,
મોહન ઉદ્યોત પામીયે, વિઘટે જીવ વિભાવ,
વારી પ્રભુ પામે કલ્યાણ સ્વરૂપ, અરનાથ સ્વમીરે૦ ૬

શ્રી મલ્લિજીન સ્તવન

ઓ પ્રભાવતિના જાયારે, ઓ પ્રભાવતીના જાયારે,
મલ્લિનાથ મુને તારજોહોજી
નહિ તારો તો કરશે કોણ સભાલ ઓ પ્રભાવતિના૦ ૧
ફણીસમ દુખ મેરે, ફણીસમ દુખ મેરે, કાલદાહા આવીયોજી,
લાગે નહિ પ્રભુ દર્શનમા ચિત્ત એ પ્રભાવતિના ૨
કામ ક્રોધ ક્ષણભરરે, કામ ક્રોધ ક્ષણભરરે, મુને નહિ છોડતોજી,
દુખી કરે ક્ષણક્ષણ પલપલ માહી ઓ પ્રભાવતિના ૩
મીથ્યા મોહની જાળેરે, મીથ્યા મોહની જાળેરે, વીટાયો છુ વેગથીજી,
સસાર માયાતણી લાગીછે ચોટ, ઓ પ્રભાવતિના ૪
આ સેવક તમારોરે, આ સેવક તમારોરે, તડફડતો આવીયોજી,
મલે નહિ શુદ્ધ ધર્મનુ સ્વરૂપ ઓ પ્રભાવતિના ૫
મુર્ખ અજ્ઞાની ત્હારોરે, મુર્ખ અજ્ઞાની ત્હારોરે, કિકર-
-વ્હાલા જાણીનેજી
કાઢો કાઢો ભવસાયરની તીર ઓ પ્રભાવતિના ૬
રખડતો તારો વ્હાલારે,રખડતો તારો વ્હાલારે,હવે હાથ ઝાલીનેજી,
નહિ તરોતો રાખશે કોણ મારી લાજ ઓ પ્રભાવતિના ૭
પ્રભુ નામ સમરૂરે, પ્રભુ નામ સમરૂરે, સેવકની વ્હારે આવજોજી,
શરણુ છે એક કલ્યાણ મુનિને તુજ ઓ પ્રભાવતિના, ૮

શ્રી મલ્લિજીન સ્તવન

જગપતિ મલ્લિ જીનેશ્વરદેવ, તીર્થંકર ઓગણીશમો,
જગપતિ બ્રહ્મચારી ભગવંત, અનોપમ રૂપનિ મણીસમો ૧
જગપતિ મીથીલા નગરીનો રાય, રાણી પ્રભાવતિ માહાસતી,
જગપતિ તસકુખે અવતાર, નીલ કમલસમ મહાદ્યુતી ૨
જગપતિ ધનુષ ઉન્નત પચવીશ, રૂપ અનોપમ તનુધારી,
જગપતિ સહસ્ર પચાવન આય, ઈક્ષાક વંશમા અવતારી ૩
જગપતિ સેવકજક્ષ કુબેર, વેરૂટયા દેવી સાનિધ કરે,
જગપતિ શાશનની રખવાલ, સાધક વિઘન દુરે હરે ૪
જગપતિ એવે લછન મિસેજેહ, કામ કુભ શુભ અનુસારી,
જગપતિ ઉદ્યોત મુનિનો બાલ, કરજો કલ્યાણપદ અધિકારી ૫

શ્રી મુનિસુવ્રતજીન સ્તવન.

દાદરા

અન્જી તો કર રહાહુ—એ રાગ

ડુબા મે જા રહાહુ, કરપાર નઈયામોરી ડુબા ૧
ભવસિન્ધુ હે અપારા, જીસકા ન પાર પયા,
જાહેર મે આ રહાહુ, કરપાર નઈયા મોરી ડુબા ૨
મદ લોભ ક્રોધ માયા, તાફાન ફિર ચડાયા,
ચક્કર મે આ રહાહુ, કરપાર નઈયા મોરી ડુબા ૩
પરમાદ ચોર આયે, પુરૂષાર્થ ધન ચુરાયે,
આલશમે આ રહાહુ કરપાર નઈયા મોરી ડુબા ૪
મિથ્યા અંધેર છાયા, રસ્તા મેરા ભુલાયા,
ઊલટા મે આ રહાહુ, કરપાર નઈયા મોરી ડુબા ૫

તારન તરન તુહીહે, ભવદુ ખ હરન તુહીરે,
નિશ્ચયમા લા રહાહુ, કરપાર નઇયા મોરી   દુખા ૬
મુનિસુવ્રતજીન પાયા, કર્મોકુ દુર હઠાયા,
કલ્યાણમે જા રહાહુ, કરપાર નઇયા મોરી   દુખા ૭

શ્રી મુનિસુવ્રતજીન સ્તવન.

ક્યા ગરજ રહી સનાર—એ રાગ

તેરે સાચે દરબારમે હમને અરજી ડલીહે,
ક્રોધાદિક અરિચાર કષાયા, ઈન ચારોને મુજે સતાયા,
અબતો મેરી કરો સહાયા, કરૂણા નજર નિહારકે,
નહિ તુજ વિન મુજ વાલીહે   હમને અરજી ૧
કય કહુ મુનિસુવ્રત સ્વામી, તુમહો સર્વ ગુણોકે ધામી,
કીરપા કરો હરો મુજ ખામી, વામી મોહ વિહારકે,
તુ રાગ દ્વેષ ખાલીહે,   હમને અરજી ૨
પિજરમે પક્ષી ગભરાવે, ત્ય સેવક જગમે દુ ખ પાવે,
અબ દુ ખ સહા નહિ જાવે, હરો દુરિતકે ફદકો,
યહ દુનીયા દુ ખવાલીહે   હમને અરજી ૩
મે દુખીયા દુ ખ દુર નિવારો, કર્મ સુભટ શત્રુકો ટ રો,
દીનો દ્ધાર બિરૂદ હે થારે, તારો સેવક જાનકે,
તુમ આજ્ઞા મે પાલીહે   હમને અરજી ૪
શ્રી મુનિસુવ્રત જીનરાયા, આધનત તુમને સુખ પાયા,
કલ્યાણ તેરે ચરણોમે આયા, ઊદ્યોત સુગુરૂ પાયકે,
જસવાણી મત વાલીહે   હમને અરજી ૫

શ્રી નમિનાથજીન સ્તવન.

સ્યામ કલ્યાણ–એ રાગ

પ્યારી મૂર્ત્તિ મેરે નમિનાથ જીણદકી, પ્યારી
મોયે નિરખત લાગે પ્યારી, મે જાઊ બલિહારી વારી
પ્યારી મૂર્તિ ૧
શોભા સુદરરે, સેવે પુરન્દરરે, ફૂલ ફૂલ રહી ગુલ ક્યારી,
જ્યુ કુમુદ રહી ઊજ્યારી, ત્યુ મોહની મૂરત પ્ય રી પ્યારી મૂર્તિ ૨
દેશના અમૃતરે વાણી વરસ તરે સેવે ભવિક મલ વિકારી,
હોય જ્ઞ નતણી ઊજ્યારી, વરશે શીવરમણી પ્ય રી પ્યારી મૂર્તિ ૩
અવિચલ દીજેરે, મહેર કરી જોરે, પ્રભુચરણ કમલ બલિહારી,
તુમ સેવા ચિત્તમા ધારી, કલ્યાણને લ ગે છે પ્યારી
પ્યારી મૂર્તિ ૪

શ્રી નમિનાથજીન સ્તવન.

વીર સુણો મોરી વીનતિ એ રાગ

શ્રી નમિનાથજીન વદીયે, જીમ જાવે હો દુ ખ દાલિદ્ર દુરકે,
દીનદીન સ પદા પામીયે, સુખ વિલસે હો સઘલા ભરપુરકે
શ્રી નમિનાથ ૧
એકવીશમા છો તુમે જગધણી, પ્રભુ બીજો હો નહી તુમસમ દેવકે,
ભવભવ શરણો તાહરો, શુદ્ધ મનમુહે કરૂ તાહરી સેવકે
શ્રીનમિન થ ૨
તુમ ગુણ ગણ અતિ ઊજવલ, પ્રભુ માહરા હો તુમે ત્રીભુવન નાથકે,
શરણો ગ્રહો મે તાહરો, પ્રભુ તારોહો મુજને ગ્રહી હાથકે,
શ્રીનમિનાથ ૩

સુદર મુરતિ સોહામણિ, જેની શોભા હો વરણી નવ જાયકે,
દુર દુરથી દેખીને, મનમાહે હો પરમોદિત થાયકે
શ્રીનમિનાથ ૪

નમિનાથ અલવેસરૂ, છબી સુદર હો મન મોહન સ્વામકે,
પુણ્ય સયોગે પામીયો, મુનિકલ્યાણ હો પ્રભુ ગુણના ધામકે,
શ્રીનમિનાથ ૫

શ્રી નમિનાથ જીન સ્તવન

સિમનાચલ વિમલ પ્રાણી—એ રાગ

નમિનાથ જીનેશ્વર સાચો, પામી રત્ન ન કાચમા રાચો,
કુદેવ વિષે ન વિમાચો, એની સગ ભાવિકછે કાચો,
જીનેશ્વર સગની બલિહારી, બીજો નહિ કોઇ મુક્તિદતારી
જીનેશ્વર ૧

મિથીલા નગરીના રાયા, વપ્રાદેવી સુત કહાયા,
નીલ કમલનુ લછન પયા જેમની અતિ શીતલછાયા
જીનેશ્વર ૨

પ્રાણુત કલ્પથી પ્રભુ આવ્યા, હરવા જગની જુઠી માયા,
પ્રભુ સજમ સુદર પાયા, ચાર ઘાતી કર્મને હઠાયા
જીનેશ્વર ૩

પ્રભુ કેવલ લક્ષ્મી વરીયા, પ્રભુ દેશ વિદેશ વિચરીયા,
મહા મોહ અધતમ હરીયા, પ્રભુ વાણીથી લોકો તરીયા
જીનેશ્વર ૪

શેલે શી કરણ પ્રભુ કરીયુ, અઘાતી કરમ પણ હરીયુ,

નિજ રાજ્ય સકલ જેને ધરીયુ, ગયા મુક્તિ કાજ સવિસરીયુ
જીનેશ્વર. ૫
એવા જીનચરણે જે આયો, નહિ દુર્ગતિમા ભટકાયો,
તસ હૃદયકમલ વિકસાયો, લહી કલ્યાણ લક્ષ્મી હરખાયો
જીનેશ્વર ૬

શ્રી નેમિનાથજીન સ્તવન.

આશકતો હો ચુકાહુ—એ રાગ

પ્રસિદ્ધ તો હો મ્હાહે, દુનિયામે નામ તેરા,
સેવા મુજે તમરી, નેમિનાથ લાગે પ્યારી
તુમસેહી કામ મેરા, દુનિયામે નામ તેરા,
હે વિનતિ હમારી, જો હોય મહેર તુમારી,
ટારે અનાદિ ફેરા, દુનિયામે નામ તેરા,
સેવક મે હુ તુમારો, કરૂણા નજર નિહારે,
તુમ વિન સવિ અંધેરા, દુનિયામે નામ તેરા,
રસ્ત મુજે બતવો, બુરે પથસે બચાવો,
યે જ્ઞાન વિશ્વ વ્યાપી, ભાનુ સમાન તેરા,
મેહન ઉદ્યાત પામી, કલ્યાણ કહે નમામિ
મુક્તિકા સુખ સ્વામી, દુનિયામે નામ તેરા,

શ્રી નેમિનાથજીન સ્તવન.

આશક તો હો ચુકાહુ-એ રાગ

શ્રી નેમિનાથ બ્રહ્મચારી, તારન તુમારી,
ભાવજલમે ડુબતા ક્યુ, ફિર પોત હે હમારા,
અતિ ક્રોધ મન માયા, ઔર લોભ યે કષાયા,
ઇનસાહી મે ભમાયા, ફિરતા હુ મારા મારા શ્રી નેમિનાથ ૧

ધારા મે જા રહીહે, વહ કરકે નાવ મેરી,
કરૂણાનીધે બચાઓ, હે કર જગ સહારા શ્રી નેમિનાથ ૨
ઇચ્છા હમકુ નહિહે, તુમસે વિભો વિભવકી,
હમ ચાહતે હે દર્શન, પીયુષ સા તુમારા શ્રી નેમિનાથ ૩
જલહીન મીન જેસે, હે આપકે વિના હમ,
વરસાદો નાથ અબતે, સદ્જ્ઞાન મેઘધારા શ્રી નેમિનાથ ૪
મૃત્યુસેભી હૃદયમે, ભય માનતે નહિ હમ,
પ્રભુ નામ યાદ આવે, ઉસદમયદિ તુમારા, શ્રી નેમિનાથ ૫
નેમિનાથ આશા પુરો, કર્મો કે ફદ ચુરો,
તુમ નામહી કલ્યાણકો, લગતાહે પ્યારા પ્યારા શ્રી નેમિનાથ ૬

શ્રી નેમિનાથજીન સ્તવન.

રાગ—બનજારા

વિના ગુને તજીને નારી, સખી નેમ ચલ્યા ગિરનારી,
પીઊ જાન લેઇને આયા, કયુ એહ આડબર લાયા,
એમ રોતી રાજુલ પ્યરી સખિ ૧
પશુ દયા હૃદય તુમ આણી, મુજ મુખની સુણી નહિ વાણી,
પીઊ દયા નહિ એ સારી સખિ ૨
મુજ હૃદય એમ બહુ ફાટે, વિના દોષ તજી તિણુ માટે,
કીસ આગે કરૂ પોકારી, સખિ ૩
શિવનારી સુખના ભોગી, મુને તજી થયા તુમ જોગી,
હુ પણ હોશીશ તે નારી સખિ ૪
વ્રતધારી રાજુલ ચાલી, શિવનારી નજરે નિહાલી,

જન્મ મરણ દુખને વારી   સખિ ૫
ગિરનાર ઊપર તજી કાયા, જીન નેમિ મુક્તિ પાયા,
કહે કલ્યાણ જાઊ બલિહારી   સખિ ૬

શ્રી નેમિનાથજીન સ્તવન.

મેરે પ્યારે નેમજી શ્યાને છોડે રે મુજને રોવતી
ભોગ કરમનો અંત અમારે, અવશર લેશુ જોગ,   મેરે ૧
હવે તુ કાલાવાલા કરીને, કયુ વિલગાડે રોગરે,
મેરી રજુલ પ્યારી, સહેસાવનમારે દીક્ષા ધારશુ   મેરે ૨
નવ ભવની તુમ પ્રીત તોડોછો, માડોછો હઠ અપાર,
તીર્થંકર સહુ નારી વરીને, પામ્યા ભવનો પારરે   મેરે ૩
તીર્થંકર જે ભોગી પરણ્યા, તિણનો નહિ છે રોષ,
ક્ષીણ ભોગી હુશ્યાને કારણ, કરૂ હિંસાનો પોષરે   મેરે ૪
હિંસાથી ભય પામો પ્રભુજી, તો મુજને કિમ છોડો,
વેદના મન શુ નહિ ગણો, ઝટકે નેહ ન તોડોરે   મરે ૫
નેહ ખરો તપ જપ પ્યારી, ઊતારે ભવપાર,
અવર નેહ સહુ જુઠા જગમે, જીનવર વચન વિચારે   મેરે ૬
તો હવે સંજમ દેઇને મુજને, આપો શીવપુર વાસ,
મારે તો પતિ પ્યારા તમે છો, પુરોને મનની આશરે   મેરે ૭
પ્રથમ મુક્તિ રાજુલને મેલી, દંપતી પ્રેમ પ્રમાણ,
કહે કલ્યાણ છે સમરથ સાહિબ, સેવો થઇ સાવધાનરે   મેરે ૮

શ્રી પાર્શ્વનાથજીન સ્તવન.

નામ પ્રભુ પાર્શ્વજીનવરકા, મેરે દિલમે સમાયાહે,
હુઆહે શાંત ચિત જીસસે, કે આકર દર્શ પાયાહે

સાખી.

વામા માતા જનમિયા, પાર્શ્વનાથ જીનચંદ,
અશ્વસેન કુલ મે પ્રભુ, દિન દિન વૃદ્ધિ કરદ,
મિલિ સુર લોકસે અમરા, સમી પૂજનકો આયાહે નામ ૧

સાખી

તીશ વરસ ગૃહે વાસમે, વસિયા શ્રી જીનરાય,
વરસીદાન દીયા ઘણા, સયમ અવસર પાય,
લેઇ દીક્ષા કઠિન તપસે, કર્મઘાતિ ખપાયાહે નમ. ૨

સાખી.

ચોરાશીદીન બાદમે, પાયા કેવલજ્ઞાન,
ઈદ્રાદિક ઓછવ કરે, સમોસરણ મેદાન,
દેઇ ઉપદેશ હિતકારી, ચતુર્વિધ સઘ બનાયાહે નામ ૩

સાખી.

દશ ગણધર પ્રભુ થાપિયા, સાધુ સોલ હજાર,
તીન સહસ પ્રભુકે હુએ, ચૌદ પુરવકે ધાર,
જ્ઞાનશ્રુત રૂપ સાગરસે, કેવલી સમ કહાયાહે નામ ૪

સાખી

દોશત એક હજાર હે, વાદીકા પરિવાર,
પ્રજ્ઞાસે માનો સહી, સુર ગુરૂસમ અવધાર,
વાદ કર જેનકા ઝડા, જગત ભરમે ફિરાયાહે નામ ૫

સાખી.

વિશાખા નક્ષત્રમે, પાયે પદ નિરવાણ,
માસ ખમણકે પારણે, સાધુ તેત્રીશ જાણ
ભવિકો મોક્ષ નગરીકા, સરલ રસ્તા બતાયાહે નામ ૬

સાખી

પાર્શ્વ પ્રભુકે નામસે, સર્વ ઉપાધિ જાય,
દરિશનસે ભવ ભય મિટે, પૂજત પાપ પલાય.
કલ્યાણને આપકા દર્શન, ગુરૂ ઉદ્યોતસે પાયાહે   નામ ૭

શ્રી પાર્શ્વજીન સ્તવન.

ભેખરે ઉતારો રાજા ભરથરી—એ રાગ

સુખકર પાસ જીનેશ્વરૂ, જગ જીવન જગનાથજી,
આપ દિવો કરૂ માહરા, મન પદ્મની સાથજી   સુખકર ૧
નગરી વણારસીના ધણી, અશ્વસેન નૃપનંદજી,
વામાદેવીના લાડલા, તોડો કર્મના ફંદજી   સુખકર ૨
દીક્ષા લેઈ પ્રભુ રૂયડી, ધરતા અહોનીશ ધ્યાનજી,
રાગદ્વેષ દુરે કરી, પામ્યા કેવલજ્ઞાનજી   સુખકર ૩
સમવસરણ બિરાજીને, દેતા શુદ્ધ ઉપદેશજી,
સાભલતા સુખ સપજે, રહે નહિ દુખનો લેસજી   સુખકર ૪
સખ્યાતીતોને ઉદ્ધર્યા, વચનતણે વિલાસજી,
ગલેશી કરી ચૌદમે, પામ્યા પ્રભુ શીવવાસજી   સુખકર ૫
ગુરૂ ઉદ્યોત પ્રભાવથી, પુણ્યોદયે ગાયા પાસજી,
કલ્યાણછે મોક્ષનો લાલચુ પૂરો આપી તસ આશજી   સુખકર ૬

શ્રી પાર્શ્વનાથજીન સ્તવન.

બલિહારી રમીયા ગીરધારી—એ દેશી

બલિહારી કલ્યાણ પારસ તારી, જગદીશ
અમને આપો મોક્ષનાવાશી, તુમ સમ પદનેજી, બલિહારી

ભવ મંડપમા વહાલા નટ સમ નાચ્યો હું,
પાયો અનેક દુઃખ ભારી જગદીશ ૧

તારક તારો વહાલા ભવથી ઉગારોને,
સરણાગત વત્સલ પ્રભુ ધારી જગદીશ ૨

વીશનગરમા વહાલા દર્શન પાયોછે,
મોહ્યા છે સુરપતિ માની જગદીશ ૩

અષ્ટ કરમને વહાલા નાચ નચાયો છે,
વર્યાછે શીવવધુ નારી જગદીશ ૪

કરૂણા કરીને વહાલા દયાદીલ લાવોને
દાશ કલ્યાણ ભવતારી જગદીશ ૫

મહાવીરજીન સ્તવન

ભવિ પૂજો શુદ્ધ મન ભાવસે, પ્રભુ માહાવીર હિતકારીહે,
તીન લોકમે દેવ ન એસે, વીતરાગ માહાવીર હે જેસે
વરનન મુખસે કરૂ મે કેસે, સર્વ ગુણોકે ધમહે,
નહિ સંગમે જસ તરીહે, પ્રભુ માહાવીર હિતકારીહે ૧

અષ્ટા દશ દુષણકો ટારી, દ્વાદશ ગુણકો લીના ધારી,
પારકીયે ભવજલ નરનારી, કરૂણા નજર નિહારકે,
પ્રભુ તુમરી બલિહારી હે, પ્રભુ માહાવીર હિતકારીહે ૨

ક્રોધી માની દેવ વિકારી કયા દેવેજો આપ ભિખારી,
તુમને સબકી, તાપ, નિવારી, દાન દયા દીલ ખોલકે,
તુમ મૂર્ત્તિ અતિ પ્યારીહે, પ્રભુ મહાવીર હિતકારીહે ૩

અરજ કરૂ સુનો અંતરજામી, જ્ઞાનદાન દ્યો તુમ નહિ ખામી,

તારણ તરણ બિરૂદહે નામી, તારે સેવક જાનકે,
અબ અરજ યહી મ્હારીહે, પ્રભુ માહાવીર હિતકારીહે ૪
મોહન ઉદ્યોત સુખસે પાવે, ગુરૂકે વચનસે જો ગુણ ગાવે,
કલ્યાણ કહે ભવ ભય મિટ જાવે, દરિશનસે જીનરાજકે,
મહિમા જીનકી ભારીહે, પ્રભુ માહાવીર હિતકારીહે ૫

શ્રી માહાવીરજીન સ્તવન.

વીરજીણુંદ માહારાજ અરજ આજ સાભલો,
ઉચુ પાત્ર પામી ખોલુ મન આબલો,
પચમકાલ વિકરાલ જોર અતિ છાઇઓ,
આતમજ્ઞાન સ્વરૂપ કોઈ વિરલે પાઇઓ વીરજીણુંદ ૧
રાગદ્રેષ વિશેષ છે જોર જમાવીયુ,
તુજ શાશનની પણ માહિ હવે કાઇક ફાવીયુ,
જે અચાર પવિત્ર તમે લખ્યો પાળવા,
કરવા નિજ ઉદ્ધાર કરમતરૂ બાળવા વીરજીણુંદ ૨
તે આચર સ્વરૂપ પરમાદથી ભુલીયો,
તુજ અનુયાયી વર્ગ છે મોહે ફુલીયો,
ચોથે આરે પુરવજો એ મોહ ચુરીયો,
પાચમે આરે સતાનથી તે વેર પુરીયો વીરજીણુંદ ૩
નાસ્તિકતાનો પ્રચાર સ્વાનુયાયીમા વધ્યો,
નિજ મતિને દે માન સિદ્ધાત દિલ નવિ ગ્રહ્યો,
ન જાને તે વાત બિચારા રાકડા,
પ્રભુએ કહ્યુ તેજ સત્ય ન કહેજે માકડા વીરજીણુંદ ૪
તેથી એ કરવો વિચાર તુમ આગે ન શોભતો,

કોઈ કહે એમ વાતતો યુક્તિથી શોભતો,
પ્રભુ પાસે કરૂ અરજ મે શાશન દાઝથી,
શુભ ભાવે હોવે પુણ્ય એ નિમિત્ત સાઝથી વીરજીણુંદ ૫
તે પુણ્ય પ્રતાપથી મે બળ ફોરવ્યુ,
જો હોવે અતિ લાભશાશન લહે ગારવુ,
યાશ્રી શાશન દેવ સહાય કરે માહરી,
તેથી પણ દશા તીર્થંતણી સુધરે ખરી વીરજીણુંદ ૬
પ્રભુજી તમારૂ સ્વરૂપ હૃદયમા મે ચિત્તર્યુ,
તેથા વિરૂપ સ્વરૂપે તમારૂ ચિત્ત હર્યું,
મોહન ઉદ્યોત વિલાસી મુજ આતમભાવમા,
કરો કલ્યાણ પ્રકાશ ન પડુ પરિતાપમા વીરજીણુંદ ૭

ગઝલ

લગીહે ચાહ દર્શનકી, મિટાદોગે તો કયા હોગ—એ ટેક
અનતે જ્ઞાન દર્શનકી, જહા હસ્તી કહી જાતી,
ઐસે ગર મુક્તિકે સુખકો, દિખા દોગે તો કયા હોગા લગી ૧
અનતે જન્મ મરણોમે, સદાએરૂ રૂલી ફિરતી,
અનતે પરાક્રમી ભગવન્, નિકા સોગે તો કયા હોગા લગી ૨
ઈસી સસાર સાગરમે, મેરી નૈયા ડુબી જાતી,
મલાહબન કર મુજે સ્વામીન્, ઉગારોગે તો કયા હોગા લગી ૩
ઇસી સસાર મહા વનમે, મુજે મહાસિહ સતાતે હૈ,
રાગ ઔર દ્વેષ પ્રભુ ઇનકો, ઉડાદોગે તો કયા હોગા લગી ૪
મેરેમે જ્ઞાનદર્શનકી, મુનિ કલ્યાણ કહી જાતી,
પડા હે કર્મકા પડદા, ઉઠાદોગે તો કયા હોગા લગી ૫

ગઝલ.

ભજો મહાવીરકે ચરણો, છુડા દેગા જન્મમરણો—એ ટેક
જગતમે દેવ આલીહે, સુરત સબસે નિરાલીહે,
સુખોકે હવશી કરણો, છુડા દેગા જન્મ મરણો ભજો ૧
જીન્હોને રાજ્યકુ છોડયા, સ્ત્રિયાદિકસે ભીમુહ મોડયા,
જગત અધેરકુ હરણો, છુડા દેગા જનમ મરણો ભજો ૨
રાગ નહિ જીસમે લવલેશ, કિસીસે નહિ ઉનકુ હે દ્વેષ,
એસા એ દેવ જગતરણો, છુડા દેગા જનમ મરણો ભજો ૩
મહા મોહે જગત જીત્યા, ઈન્હે ઉસકુ હઠા દીયા,
સદા શિવસુખકે વરણો, છુડા દેગા જનમ મરણો ભજો ૪
સદા કામક્રોધકે ત્યાગી, ઉમતામે રહ લય લાગી,
કહે કલ્યાણ ભવ તરણો, છુડા દેગા જન્મ મરણો ભજો ૫

ગઝલ.

બની મિટ્ટી કીસબ બાજી, ઉસીમે હોત કયોરાજી—એ ટેક
મિટ્ટીકા હે શરીર તેરા, મિટ્ટીકા કપડા પહેરા,
મિટ્ટીકા મ્હેલ રહા છાજી, ઉસીમે હોત કયો રાજી ૧
ઘરેણા મિટ્ટીકા તેરા, હ મિટ્ટીકા પલંગ પ્યારા,
તેરા મિટ્ટીકા હેવાજી, ઉસીમે હોત કયો રાજી ૨
જગતમે વસ્તુહે જો જો, મિટ્ટીમે સબ મિલે વોવો,
ઈસીમે કયો બન્યા પાજી, ઉસીમે હોત કયો રાજી ૩
દયાનીજ આતમકી શોધો, જગત માયાસે મન રોકો,
યહી એક બાનકે તાજી, ઉસીમે હોત કયો રાજી ૪
કહે કલ્યાણ સદા સેવો, જીનાધિરાજ શુદ્ધ દેવો,

બની શિનસુખકે ભાજી, ઉસીમે હોત કયો રાજી ૫

ગઝલ.

ધમવર જીનકી શ્રદ્ધા, નસીબા વર ભવી પાવે—એ ટેક
રાગ ઔર દ્વેષસે ખાલી, જહા શ્રી દેવ જીનવરહે,
સકલ મિથ્યાત્વ મિટ જાવે, નસીબા વર ભવી પાવે ૧
ગુરૂકુલ તાર દુનિયાકે, ન કચન કામિની રાખે
સફર પેદલ કરે ભાવે, નસીબા વર ભવી પાવે ૨
દયા હે જેસી ઇસ મતમે, નહિ એસી કીસી મતમે,
પુરણ જીવરૂપ ફરમાવે, નસીબા વર ભવી પાવે ૩
રખે નિશદીન જો શ્રદ્ધા, ગતિ નર દેવકી પાવે,
ગતિ પશુ નરક નહિ જાવે, નસીબા વર ભવી પાવે ૪
કહે કલ્યાણ વિપદ આવે, તથાપિ નવ ગભરાવે,
ગણે નવકારશુભ ભાવે, નસીબા વર ભવી પાવે ૫

શ્રી મદીરસ્વામીનુ સ્તવન.

બે કરજોડી વિનવુરે લાલ, મારી વિનતડી અવધારરે
તમે મહાવિદેહમા વસ્યારે લાલ, અનને છે તુમ આધારરે,
પ્રભાતે ઊઠી કરૂ વદનારે લાલ ૧
ભરતક્ષેત્રમા હુ અવતર્યોરે લાલ કેમ કરી આવુ હજુરરે,
તુમ દર્શન નવી પામીયોરે લાલ, રહ્યો મજુરનો મજુરરે
પ્રભાતે ૨
તુમ પાસે દેવ વસે ઘણારે લાલ, એક મોકલજો મહારાજરે,
મનના સદેહ પ્રભુ પુછીનેરે લાલ, કરૂ સફલ દિન આજરે
પ્રભાતે ૩

કેવલજ્ઞાનીના વિરહથીરે લાલ, મનુષ્ય જનમ એલે જાયરે,
શુભ ભાવ આવે નહિરે લાલ, શુ ગતિ માહરી થાયરે
પ્રભાતે ૪

કર્મને મોહે ખુબ કશ્યોરે લાલ, હજુ ન થયો ખુલાસરે,
જેમ તેમ કરી પ્રભુ તારજોરે લાલ, હુતો ધરૂ તમારી આશરે
પ્રભાતે ૫

સીમધરસ્વામીના નામથીરે લાલ, થાય સફલ અવતારરે,
કલ્યાણમુનિ એમ વિનવેરે લાલ, પ્રભુ નામે જયજયકારરે
પ્રભાતે ૬

પદ ૧ લુ આશાઉરી.

કર્મગતિ અતિ ન્યારી, જીયરવા, કર્મગતિ અતિ ન્યારી,
ચલી ન સકે મતિ મારી, જીયરવા કર્મગતિ અતિ ન્યારી,
કોઈદીન ભોગી કોઇ દીન યોગી, કોઇ દીન હાલ ભિખારી,
જીયરવા, કર્મગતિ અતિ ન્યારી ૧

હરિચદ્ર સત્યવાદી રાજા, વેચી સુતારા નારી,
જીયરવા, કર્મગતિ અતિ ન્યારી ૨

પુત્ર વેચાણા કર્મકી લીલા, ભર્યા નીચ ઘરવારી,
જીયરવા, કર્મ ગતિ અતિ ન્યારી ૩

પાડવ પાચ મહા બલવતા, દ્રૌપદી નારી હારી,
જીયરવા, કર્મગતિ અતિ ન્યારી ૪

બાર વરસ લગ વન દુખ ખમીયા, ભમીયા જેમ ભિખારી,
જીયરવા, કર્મગતિ અતિ ન્યારી ૫

રાવણરાજા બહુ અભિમાની, લક્ષ્મણ હો નાંખ્યો મારી,
જીયરવા, કર્મગતિ અતિ ન્યારી, ૬

સમકિતધારી શ્રેણીક રાજા, પુત્રેકીની ખુવારી,
જીયરવા, કર્મગતિ અતિ ન્યારી ૭

વાસુદેવ રણમે બલવંતા, નરકે ગયોરે મુરારી,
જીયરવા, કર્મગતિ અતિ ન્યારી ૮

એમ અનેક ઉદાહરણ જાનો, કર્મ સુભટ બહુ ભારી,
જીયરવા, કર્મગતિ અતિ ન્યારી ૯

જે જન જગમે કર્મ ન બાંધે, તે પાવે ગતિ સારી,
જીયરવા, કર્મગતિ અતિ ન્યારી ૧૦

મોહન ઉદ્યોત નામસે હોવે, કલ્યાણ લહે ભવપારી,
જીયરવા, કર્મગતિ અતિ ન્યારી ૧૧

સજ્ઝાય પદ.

સાંભલજો મુનિ સંજમરાગે–એ રાગ

સાંભલજો શ્રાવક સહુ વાતો, એ કોણ ઘેરે નારીરે
ધરમી જનને પ્યારી લાગે, પાપીને અટારીરે સાંભલજો ૧

જેણે સુખકારી બેટા જાયા, પણ દીસે છે બાલકુંવારીરે,
કોઈ ઘેરે ધોલીને શુભકારી, કોઈ ઘેરે દીસેછે કાલીરે સાંભલજો ૨

કોઈ ઘેરે રાતીને વલી લીલી, કોઇ ઘેરે દીસેછે પીલીરે,
પંચરૂપી છે બાલકુંવારી, મનરંજન મતવાલીરે સાંભલજો ૩

છાતી આગલ ઉભી રાખી, દ્રષ્ટિ સાથે બંધાણીરે,
એ નારી છે મોહનગારી, જોગીશ્વરને પ્યારીરે સાંભલજો ૪

એક પુરૂષના ઉપર બેસે, ચ ર સખીશુ ખેલેરે,
એક મેરછે તેહને માથે, તેનો કેડો નવિ મેલેરે સાભલજો ૫
નવ નવ નામે સહુ જન માને, કહેજો અર્થ વિચારીરે,
કલ્યાણમુનિ કહે કરજોડી, સદ્ગુરૂની બલિહારીરે સાભલજો ૬

સજ્ઝાય.

ભરતને પાટે ભૂપતિરે—એ ગગ

એ સસાર અસારછેરે, બુજે વિરલા કોઈ સલુણા
એ સસાર તજી ગયારે તે નર સુખીયા હોઇ સલુણા
જેમજેમ ધર્મને સેવીયેરે, તેમતેમ પાપ પલાય સલુણા
ડાભઅણી જલબિદુઆરે, જેહવો સધ્યાનો રગ સલુણા
પાણીમા પતાસાતેમ આઉખુરે, જાગીશકેતો જાગ સલુણા જેમ
ધનધન રામા શુ કરોરે, કારમો એહ સસાર સલુણા
ઓ વનમય નવ ડુગરીરે, નદે તજી નિરધાર સલુણા જેમ
માતામયગલની પરેરે, મન્મથ થયો અપાર સલુણા
નરકનિગોદમા જાવશોરે, તેહવો જાણી નસાર સલુણા જેમ
યોવન વય વહી જાયશેરે, આવ્યુ ઘડપણ સાર સલુણા
ખુણે ઘાલ્યો ખાટલોરે, કોઈ ન પુછે સાર સલુણા જેમજેમ
અગ ગળેને માથુ ફરેરે, જર્જરી થાયે દેહ સલુણા
કુટુબકબીલો એમ કહેરે, આ ડોશો કરાવે વેઠ સલુણા જેમ
આદીસર અગજ ઉપન્યારે, ભરત બાહુબલ ભાઇ સલુણા
માહોમાહે ઝુઝિયારે, એ સસાર સગાઈ સલુણા જેમજેમ
પરમેસર નિત પુજીએરે, નિત્ય જપીએ નવકાર સલુણા
સુગુરૂ શીખામણ મન ધરોરે, જેમ પામો ભવપાર, સલુણા જેમ

અરિહંતદેવને ધ્યાઈએરે, પુગે મનના કોડ સલુણા
મોહન ઉદ્યોતમુનિતણોરે, કલ્યાણ કહે કરજોડ સલુણા જેમજેમ

સજ્ઝાય.

દશ દ્રષ્ટાંતે દોહિલોજી, પામ્યા મનુષ્ય જન્મસાર,
દુલહો ઉંબર ફૂલજ્યુંજી, આગજ ઘર અવતાર,
સોભાગી પ્રાણી, ધનધન ધર્મનો સાર ૧

ઉત્તમ કુલ તીહા દોહિલોજી, સદગુરૂ ધર્મસંજોગ,
પાચે ઈંદ્રીયે પુરાજી, દુર્લભ દેહ નીરોગ સોભાગી પ્રાણી ધનધન ૨

સાભલવુ સિદ્ધાંતનુજી, દુર્લભ ચિત ઠરાય
શુદ્ધ શ્રદ્ધા લાવવીજી, દુષ્કર અંગીકરાય સોભાગીપ્રાણી ધનધન ૩

સામગ્રી સરવે લહીજી, ફોગટ ગયાછે હાર,
દેવે ચિંતામણિ દીધુજી, હારી ગયા ગમાર, સોભાગીપ્રાણી ધન ૪

લોહખીલીને કારણેજી, કુણ નાખે ગાડુ કોડ,
એક દોરાને કારણેજી, હાર છાનીનો તોડ સોભાગીપ્રાણી ધન ૫

સમકિત રત્ન પામીનેજી, કરે સફલ અવતાર,
કલ્યાણમુનિ એમ કહેજી, તે ઉતરે ભવપાર સોભાગીપ્રાણી ધન ૬

સજ્ઝાય.

વાણીયો વણજ કરેછેરે ઓછુ આપીને સકલાય,
ઘરાગ દેખીને ઘેલો થાયે, બેસો બેસો કરે,
ત્રાજુડીને તક્કડ મારે, પૈસો ધુતી લેછે વાણીયો

વરઘોડે ધન વાવરેને, પાલખી લેવી નથી,
એક પાઈને માટે વાણીયો સોસો ગાલો ખાય વાણીયો

દોઢા સવાયા બમણા કરતા, ઘરમા ધન્ન ભરાય,
કરપીનુ કાઈ કામ ન આવે, બારે વાટે જાય વાણીયો
દેખતા વ્યવહારીયોને, કોટે સોનાકઠી,
ધુતવાનો જેને ચાલ પડયો છે, તેની વેલા વઠી વાણીયો
આઈ બાઈને કાકો મામો, બોલાવે બહુમાને,
લોભે આવે લુટી લેછે, જોવે એ બગધ્યાને વાણીયો
પુત્રકલત્ર પરિવારે માહે, કરી કરી કપટ કહાય,
આરભે અભિમાને આગે, મધુર મધુરજ માવ વાણીયો
પાપ કરતો પાછુ ન જોવે, લાભ ઘણેરો હાથે,
કલ્યાણમુનિ કહે કુટુબકબીલો, કોઇ ન આવે સાથે
વાણીયો વણજ કરેછેરે, ઓછુ આપીને મકલાય

સજ્જાય વૈરાગ્યની.

કાયામાયા કારમીજી, કુડો કુટુબ પરિવાર,
માહરૂ મા કર માનવીજી, પથ વ્હેલુ પરપારરે પ્રાણી
ધરીએ ધર્મનો રગ
મહુને વળાવે સાકલાજી મલિયા મોહનબધ,
આયુ ક્ષયે અલગા થયાજી, એવા નસારી ઢગરે પ્રાણી
કાષ્ટપરે કાયા બલેજી, કેશ બલે જેમ ઘાસ,
મનુષ્યમર્કટ વેરાગીયોજી, પડે માયા વિશ્વાસરે પ્રાણી
પડાઇ ઉડે જીવ ઉપરેજી, દોરી બલે લેઈ જાય,
તુટી દોરી નધાયછેજી, આયુ ત્રુટુ ન સધાયરે પ્રાણી
કાચે ઘડે પાણી કેમ રહેજી, હસ ઉડી જાય કાય,
આશા અતિ ઘણી આદરેજી થાવાવાલો તે થાયરે પ્રાણી

જેને ઘરે નોબત ગડગડેજી ગાવે વલી ખટરાગ,
ગોખે તેહને ઘુમતાજી, શુન્ય થઇ ઉડે કાગરે પ્રાણી
એમ સંસાર અસારછેજી, શ્રી જીનધર્મ સાર,
શાંત સમર સમતા ધરીજી, ચારતજી આદરો ચારરે પ્રાણી
પાંચ તજો પાંચે ભજોજી, ત્રણ જીવો ત્રણ ગુણધાર,
રયણી ભોજન પરિહરોજી, સાત વ્યસન તજો સુવિચારરે પ્રાણી
સમતાકરો છકાયનીજી સાંભલો સદગુરૂ વાણ,
સાચી શિખામણ એહછેજી, એમ કહે મુનિકલ્યાણરે
પ્રાણી ધરીએ ધર્મનો રંગ

સજ્જાય

શરીર બન્યો છે પાંજરોરે, તેહમાં પાંચ ભુજંગ,
છુટયા તેહ મુકે થકેરે, કરે પુણ્યનો ભંગરે,
પ્રાણી ન કરો ઇંદ્રીનો સંગ, એના સંગથકી વ્રત ભંગરે પ્રાણી
દીવો જ્યોતે જગમગેરે, કુદીને પડે પતંગ,
ચક્ષુ રસના લોલુપીરે, બલે દીવાને સંગરે પ્રાણી
વીણા બજાવે પારધીરે, સુરતા વીણામાં જાય,
શ્રોત્રરસના લોલુપીરે, મૃગનું શરીર વિંધાયરે પ્રાણી
જલમાં ફરતી માછલીરે સુરતા લોટમાં જાય,
જીભ્યારસના લોલુપીરે, ગલે કાંટો વેંધાયરે પ્રાણી
સાંજ પડે રવિ આથમેરે, ભમર રહ્યો કમલ છોડ,
ઘ્રાણરસના લોલુપીરે, હાથી લે કમલને તોડરે પ્રાણી
હાથી મદમાતો જરેરે હાથણીમાં ચિત્ત જાય,
કામરસના લોલુપીરે પડે ખાડાની માંયરે પ્રાણી

એક ઇંદ્રીવશ નહીરે, તેહના એહવા હવાલ,
પાચે ઇંદ્રી વશ નહિરે, થાય કેવા તેના હાલરે   પ્રાણી
પાચે ઇંદ્રી વશ કરેરે, જાણી અથિર સસાર,
કલ્યાણમુનિના કહેણથીરે પામે ભવજલ પારરે
પ્રાણી ન કરો ઇંદ્રીનો સગ "

સજ્ઝાય.

કરવુ હોય તે થાય કરમને કરવુ હોય તે થાય
જીવે જાચ્યુ કામ ન આવે, ધાર્યુ નિરર્થક જાય કરમને ૧
પાડવ પાચ મહા બલવતા ને ચરમ શરીરી કહાય,
વનમાહી તે રડવડયાને વલી, દુખે બારા વર્ષ જાય કરમને ૨
જ્યા જલ ત્યા થલ થલ ત્યા જલછે ભરતીઓટ ભરાય,
રક રાય થઇ મન મકલાવે રાજા રક થઇ જાય કરમને ૩
કૃષ્ણ વાસુદેવ ત્રિખડ રાણા જેને પગ મુકે ખમાખમા થાય,
જરા કુમરથી પગે વિધાણા, ત્યારે જલવિના જીવ જાય કરમને ૪
ધરમા જેને ખાવા ખુટયુ છે અને લોકોની ઠોકરો ખાય,
એવા પણ જો નૃપ બનેતો, લાખોથી વદાય કરમને ૫
ભદ્રા જેવી અતિ સતીના, માથે કલક પડયુ ધાય,
તાતણે ચાલણીથી જલ કાઢી, દ્વાર ઉઘાડી પકાય કરમને ૬
જ ઘેર ઘોડા હાથી ઝુલે, પરિવાર ગણ્યો ન ગણાય,
ખાલી તેતો ખડેર થયા ને વલી, કુતરા ત્યાતો વિયાય કરમને ૭
રાજા હરિચદ્ર રાજ્યનો ધારી, જ્યારે પ્રતિજ્ઞામા પકડાય,
વનમા કુમરે ખાવા માગ્યુ ત્યારે, તે પણ આપી ન સકાય કરમને ૮

જે તનરંગ વિજલીસમ ઝલકે, નેત્ર જ્યા જઇ ઠરાય,
તે તન રોગે પીડિયા ત્યારે, કોઇથી દેખી ન શકાય કરમને ૯
સન-કુમાર ચક્રીરૂપે દેખો, જેને દેવતા જોવા આય,
ગર્વ કર્યો ત્યારે પલકમા પલટયો, થઇગઇ રોગમય કાય કરમને ૧૦
મોહન ઉદ્યોત ચરણ પ્રતાપે, કલ્યાણથી કરમ કલાય,
વીતરાગના વચન પ્રમાણે, ચાલેતો તેથી છુટાય કરમને ૧૧

સજ્જાય.

તરલે ભવસાયર પ્રાણી, યેહે સઝાય બહુત દુ ખોકી ખાનીહે,
તરલે ભવસાયર પ્રાણી—એ આકણી
મોહતિમિ ગલ ઘોરહેઇ સમે, સફરી વરગ સબ પ્રાણી,
સબકો ઈસને નિગલ લિયેહે, ફિર ભીન ઉદરભરાની તરલે ૧
જનમ જરા ઓર મરણ વિયોગ શોક ભરાહે પાની
ધરમ જહાજહે ઈસમે સુદર, વાયુ વેગ જીનવાણી તરલે ૨
જલ આશ્રવ છેક દુર કરનકો, સવર કીલ લગાની,
નિર્જરા વરતન હાથ ધરીને, બહાર નિકાલો પાની તરલે ૩
ક્રોધ વન્હિ વડવાનલ, ઈસમે, તત્વહે રતન સમાની,
વિષયા રસકો વિષ, સમજલો, કુગુરૂ શબલો માની તરલે ૪
મોક્ષનગરકો જો નૈયા જાવે, વેગે વરોગે શિવરાની,
મોહન ઉદ્યોતકલ્યાણ લહોગે, હોઓગે કેવલજ્ઞાની તરલે ૫

ગુહલી.

કે ક્ષમા કરો ક્રોધ દુરે ટાલી કે ગુરૂવાણી ચીતમા ધારી

કે ધરો ગુણુ ગર્વને ટાલી, ચાલો સખિ વદનને જઈએ,
કે ક્ષમાસમ સુખ અવર નાઈ, કે વૈર વિરોધ સવિ જાઇ,
કે સવિ અરિ પ્રણુમે આવી ધ્યાઈ ચાલો
કે વચનરૂપ વજ્ર કાને પડશે, કે તોહિ શીશ રીશ નવિ ચડશે
કે કરમશત્રુ સન્મુખ લડશે ચાલો
કે ક્ષમાવિના તપજપ જે કરશે કે ફોગટ તે ભુખસહિ મરશે
કે ક્ષમા વિના કાજ નહિ સરશે ચાલો
કે ક્ષમા કરે જગમા જે સુરા, કે ઉપગારી આર્જવ ગુણુપુરા,
કે પ્રગટે તસ પુણ્યના અકુરા ચાલો
કે ખમાવી આતમ શુદ્ધ કીજે, કેતો આપણા કારજ સીજે,
કે સજ્જન મહુ સમતારસ પીજે ચાલો
કે ક્ષમા છે ભવભવ સુખકારી, કે સુણી જે ધરશે નરનારી,
કે તસ મુખડાપર જાઉ વારી ચાલો
કે કલ્યાણની શીખ હૈયે ધરશે કે ક્ષમાદિક ધર્મને આચરશે,
કે વેગે શીવરમણી વરશે ચાલો સખિ વદનને જઇએ

ગુહલી.

એની પરમપ્રેમથી ગુરૂવદી, જેની શિક્ષા સકલ આણુદી,
ઉપદેશ સુણીયે સુખકદી, શીયલ પાલો આજ આણુદકારી ૧
એની દેહરે ઉપાસરે જઈએ, કોઈ સામા દ્રષ્ટિ ન કરીએ,
ગુરૂવાણી ચિત્તમા ધરીએ, શીયલ ૨
પતિવ્રતા ધર્મને ધરીએ, સાસુ સુસરાનો વિનય કરીએ,
કોઇ સામે ઉત્તર નવિ કરીએ શીયલ ૩

સામાયક પોસા કરીએ, પ્રભુ સેવા દીલમા ધરીએ,
વાતોમા ખોટી ન થઈએ શીયલ ૪

પ્રમાદ આલશને તજીએ, ન કજીએ રાજી થઈએ,
ભણવાનો ઉદ્યમ કરીએ શીયલ ૫

મુનિ કલ્યાણક કહે સુણો એની, હિતશિક્ષા દીલમા આણી,
કરો ધર્મને સાચો જાણી શીયલ ૬

ગુહલી.

જીરે વિદ્યાઅભ્યાસ નિત નિત કરો, જીરે સાભલો ગુરૂવ્યાખ્યાનરે
નણદીના વીરા
ગુરૂજી પધાર્યા ચાલો વાદવા, જીરે વિનય કરીને શીખીયે,
જીરે વિનયથી આવડે જ્ઞાનરે નણદીના
જીરે જ્ઞાનને નિત આરાધિયે, જીરે કરીએ જ્ઞાનનુ ધ્યાનરે નણદીના
જીરે ધ્યાનથી શીવસુખ પામીયે, જીરે ધ્યાનથી કેવલજ્ઞાનરે નણદીના
જીરે ગુરૂવિના જ્ઞાન ન આવડે, જીરે ભણીયે ગુરૂની પાસરે નણ
જીરે મત્ર જપો તમે જ્ઞાનના, જીરે પામો લીલવિલાશરે નણ
જીરે કાઉસગ્ગ કરો તમે જ્ઞાનના, જીરે સાધી તપસ્યાનો જોગરે નણ
જીરે કલ્યાણમુનિના ઉપદેશથી,જીરે કરીએ ગુરૂની સેવરે નણદીના

ગુહલી.

બલિહારી બલિહારી, ગુરૂની બલિહારીરે,
ઊમતા ગામમા પધારી, ગુરૂની બલિહારીરે,
દેશના સભલાવી સારી, ગુરૂની બલિહારીરે,
મલ્યા છે નરનેનારી ગુરૂની બલિહારીરે,

શાશન શોભા વધારી, ગુરૂની બલિહારીરે,
ઘેરઘેર આણંદકારી, ગુરૂની બલિહારીરે,
હરખે વધાવે નરનેનારી, ગુરૂની બલિહારીરે,
અસાડ વદી દશમ સારી, ગુરૂની બલિહારીરે,
નાણુની શોભા શણગારી, ગુરૂની બલિહારીરે,
તીર્થવીજયને ફેરા ફરાવી ગુરૂની બલિહારીરે,
માહાનીગીથ જોગમા ઘાલી, ગુરૂની બલિહારીરે,
કલ્યાણમુનિએ કીરીઆ કરાવી ગુરૂની બલિહારીરે,
સુત્રોના પાઠ ઉચ્ચારી ગુરૂની બલિહારીરે,
આજુબાજુ પરખદા ભારી, ગુરૂની બલિહારીરે,
મુખ બોલે જયજયકારી, ગુરૂની બલિહારીરે,
હરખે નાણુના ફેરા ફરાવી, ગુરૂની બલિહારીરે,
વ્રત ઉચ્ચરે નરનેનારી ગુરૂની બલિહારીરે,
ઓગણીસ અગન્યાસી વરસે, ગુરૂની બલિહારીરે
આનદ હરખ અપારી ગુરૂની બલિહારીરે,
હેતવીજે આરાધન કરો, ગુરૂની બલિહારીરે,
તે વરસે શીવનારી, ગુરૂની બલિહારીરે,

ગુહલી

ચાલો ગુરૂ વાદવા સખી જઈએરે, ગુરૂ વાદ્યાથી શીવસુખ
લહીએ ચાલો

ગુરૂ પચ મહાવ્રત ધારીરે, કુમતિ મોહ માયા ટાલીરે,
જેની ત્યાગીછે કચન નારી, ચાલો ગુરૂ વાદવા સખી જઈએરે,
વાણી અમતરસ વરસાવેરે જીનરાજના તત્વ બનાવેરે,

ભવિજન મનને અતિ ભાવે, ચાલો ગુરૂ વાદવા જઈએરે,
દેઈ બોધ મીથ્યા મત ટાલેરે, શુદ્ધ મારગને વિર તારેરે,
નિષ્કારણ ભવિજન તારે, ચાલો ગુરૂ વાદવા જઈએરે,
ગુરૂ સર્વ સચિત્તના ત્યાગીરે જેની અતરરટના લાગીરે,
સસાર થકી વૈરાગી, ચાલો ગુરૂ વાદવા જઈએરે,
એવા મુનિવરના ગુણ ગાવોરે, ગુરૂ મોહન ઉદ્યોત પાવોરે,
કહે કલ્યાણકાતિ ગુરૂ ધ્યાવો, ચાલો ગુરૂ વાદવા જઈએરે,

ગુહલી

સસારે શાણી એની સમકિત વરવુ, જીન આણામા નિત્ય નિજ ચિત્ત ધરવુ,
બાકી પાખડ પરીહરવુ, હો શાણી એની સમકિત વરવુ,
શીયલસાતમ વાસી અન્ન ન ધરવુ, નાગપચમીનુ નહિ પર્વ આચરવુ,
હોલી આદિ ન પર્વ કરવુ, હો શાણી એની સમકિત વરવુ,
અન્ય દેવની નહિ માનતા કરવી, સ્વદેવે પણ નહિ જડ આશધરવી,
એમ મિથ્યાત્વ દુર કરવુ, હો શાણી એની સમકિત વરવુ,
બલીયાકાકા અને અબામાતા ભૈરવ ભવાનીથી નહિ મલે શાતા,
તે સેવે વારવાર મરવુ, હો શાણી એની સમકિત વરવુ,
ઘરના કામમા જયણા આચરવી, જીવજતુની રૂડી રક્ષા કરવી,
જીવદયામા મન ધરવુ, હો શાણી એની સમકિત વરવુ,
ઉપદેશક ગુરૂ મારા ગુણના દરિયા, આતમ હિતે એવા વચન ઊચ્ચરિયા,
એમનુ કથન અનુસરવુ, હો શાણી એની સમકિત વરવુ,

ગુરૂ કહેછે તપ પ્રેમથી ધરવુ, ત્યાગો એમાતો જરા કલેશનુ કરવું,
કલ્યાણમા નિત્ય ચિત્ત ધરવુ, હો શાણી બેની સમકિત વરવુ,

ગુહલી.

ચાલો બેનો પાઠ સત્યનો ભણીએરે,—એ ટેક
સત્ય સાથેછે પ્રભુ પ્રતાપીરે, દઢ રાખેછે સાહ્યતા આપીરે,
નહી સત્યને આચ કદાપી, ચાલો બેનો પાઠ સત્યનો ભણીએરે, ૧

સત્યથી મન શાન્ત રહેછેરે, નહી ચીંતા હૃદયને દહેછેરે,
આફત દેખીને દુર વહેછે, ચાલો બેનો પાઠ સત્યનો ભણીએરે ૨

હરીચદ્રને આફત આવીરે, કરી પુરી કસોટી સતાવીરે,
નહી આફત સત્યથી ફાવી, ચાલો બેનો પાઠ સત્યનો ભણીએરે ૩
સત્યવાદી જગતને ભાવેરે, તેનાપર સહુ પ્રેમ બતાવેરે,
સત્ય વિશ્વાસપાત્ર બનાવે, ચાલો બેનો પાઠ સત્યનો ભણીએરે ૪

જુઠા જનને જગત ધીક્કારેરે, પાસે તેને ન કોઈ બેસારેરે,
દુખમા કોઈ તેને ન સભારે, ચાલો બેનો પાઠ સત્યનો ભણીએરે ૫
જુઠા જનનુ સદા મન ધડકેરે, સેજડરથી તેનુ ચીત્ત ચમકેરે,
તેનુ હૃદય બળે આગ ભડકે, ચાલો બેનો પાઠ સત્યનો ભણીએરે ૬

સત્યવાદીની હસમુખી કાતિરે, તેને લેશ નહી ભય ભ્રાતીરે,
તેના હૃદયને છે નીત્ય શાન્તિ, ચાલો બેનો પાઠ સત્યનો ભણીએરે ૭
બેનો જુઠની ટેવ ન સેવોરે, પાડો સત્ય વચનની ટેવોરે,
કહે કલ્યાણ મલે સુખ મેવો, ચાલો બેનો પાઠ સત્યનો ભણીએરે ૮

ગુહલી.

ધરજે ધરજે ધરજેરે, સખી નીતીનુ અતર ધરજે,—એ ટેક
દ્રષ્ટિ દીલે નમ્રતા પસારી, સાડી તુ સપની સરજેરે   સખી
સસરા સાસુથી જરા ન લડતી, દ્વષી મતિથી દુર ખમજેરે, સખી
આગ્ના તુ લોપીશ નહી પતીની, પતી સેવા નીત્ય કરજેરે, સખી
નીસદીન સગે વિચારી વદજે, કદી ન દીલ દુખ ધરજેરે સખી
ભણી ગણેલી સદગુણી શાણી, તેની સગતમા વસજેરે સખી
કદાપી કારણ વીના ઘરેથી, બેની ન બહાર નીકલજેરે સખી
પર ઠામે ગીત ગાયન કરવા, સ્ત્રીયો મલી ન નીસરજેરે સખી
સ્વધર્મ બેની નહી તજીસ તુ, પ્રભુને નીત્ય સમરજેરે સખી
ભણી ગણેલી તુ સદ્ગુણી, શીક્ષા ન મારી વીસરજેરે   સખી
સદા કલ્યાણ શાન્તી માહે, પ્રભુ પ્રતાપથી ઠરજેરે   સખી

ગુહલી.

દીઠા ગુણવત સુગુરૂ સોભાગીરે, મારી પુણ્ય ઉદય દસા જાગી દીઠા
બાલાવયમા દીક્ષા લીધીરે, ગુરૂજીની સેવા બહુ કીધી   દીઠા
સસ્કૃત ન્યાય આદી વિદ્યા ભણીઆરે, થયા તત્વજ્ઞાનના દરીયા દીઠા
ગુરૂ મુબાઈ શહેર પધાર્યારે, શ્રાવકના સદેહ ટાળ્યા   દીઠા
વીહાર કરી દેશ વીદેશરે, કર્યા ધર્મ રાગી અનેક   દીઠા
પૃથ્વીપાવન કરતા આવ્યારે, ગુજરાત દેશ મન ભાવ્યા દીઠા
ગુરૂજી કીધા બહુ ઉપકારરે, સહુ સઘને હર્ષ અપાર   દીઠા
જે પ્રેમે ગુરૂ ગુણ ગાવેરે, કલ્યાણ લક્ષ્મી તે પાવે   દીઠા
ગુરૂ મોહન મુની મન ભાવ્યારે, ધરી હર્ષ કલ્યાણ ગુણગાયા દીઠા

ગુહલી.

કાઉસ્સગ ધ્યાને મુનિ રહનેમી નામે—એ રાગ

કાતીમુનિજી વહાલા ગચ્છના ધોરી, પ્રવર્તક પદવી સુરતમા ધારી,
જીનસાશન અજવાલુ હો ગુરૂજી મારા આણુદકારી ૧
ઓગણીસ ચઉદમા શ્રી પાલનપુર ગામે, કુવરબાઇને ઉદર ગર્ભને ધારે,
જનમ્યા જેઠ સુદીમા જયકારી, હો ગુરૂજી મારા આણુદકારી ૨
કકલભાઈ પીતાને વધામણી હરખે બાદરમલ નામને ધારી,
વૈરાગ્ય દીલ ભારી, હો ગુરૂજી મારા આણુદકારિ ૩
ઓગણીસ તેતાલી માગશર માસે, દીક્ષા લીધી મોહન મુનિ પાસે,
નામ કાતિ મુનીજી ઉલ્લાસે, હો ગુરૂજી મારા આણુદકારી ૪
સુદર ગ્રંથોનુ ગુરૂએ જ્ઞાન મેલવીયુ, સુત્ર સીદ્ધાતોનુ વચન ઉચરિયુ,
ગીતાર્થપદ ધારણ કરીયુ, હો ગુરૂજી મારા આણુદકારી ૫
બાલપણાથી ગુરૂ બ્રહ્મવ્રતધારી, કલ્યાણમુનિને લાગે સેવા પ્યારી
જગજીવોના ઉપકારી, હો ગુરૂજી મારા આણુદકારી ૬

ગુહલી.

દેશી વીવાહલાની

અવનીએ આવી અતીમ સમે જાણીએ, શ્રી જીનરાયારે—એ ચાલ

પ્રવર્તક કાતિ મુનીજી સેવિયે, સેવતા શિવ સુખનો લાહોરે,
નથી જોયો જગતમા એહવો, બીજો કોઈ મુનિ જનના માહોરે
પ્રવર્તક ૧
ગુરૂજી ગુણ રતનાકરે, ગુરૂ મારા જગમા છે દીવોરે,
મોહ અધકારને દુર કરી ગરૂ મારા અખડ જીવોરે પ્રવર્તક ૨

ગુરૂજી શાંત સુધા કરૂ, અતિ ચિત્ર કામને વારેરે
નથી જીહા દોષનો પોષછે, ભવિકને દરશનથી તારેરે, પ્રવર્તક. ૩
ગુરૂજી આતમ રાગીયા, કર્યો છે મોહનો ચુરોરે,
અહોનીશ આતમ જાગતો, વૈરાગ્ય મનમા છે પુરોરે પ્રવર્તક ૪
એકાતે મુનિ બેસતા નથી, ગપસપનો જ્યા પ્રચારરે,
શાસ્ત્ર સિદ્ધાતોને વાચતા, વળી કરે અધ્યાતમ વીચારરે. પ્રવ ૫
એવા મુનિને વદતા, બધી ભવ ભ્રમણાઓ જાયરે,
કલ્યાણમુનિને એ અનુભવો, નીત્યનીત્ય સાક્ષત થાયરે પ્રવર્તક ૬

ગુંહલી.

જીરે પર્વ પજુસણ આવીયા, જીરે કીજે ધર્મને ધ્યાનરે
ઓ બેની મોરી ગુરૂજી પધાર્યા ચાલો વાદવા
જીરે આરંભ સારંભ છોડીએ, જીરે કરીએ વ્રતપચ્ચખાણરે
ઓ બેની
જીરે શીયલ વ્રત નિત્ય પાલીયે, જીરે કરીએ ભૂમિસંથારરે ઓબેની
જીરે ખાડણ પીસણ ધોવણો, જીરે ન કરીયે લીંપણગારરે ઓબેની
જીરે શોક સંતાપ નવિ ધારીયે, જીરે ન કરીએ કલેશ કંકાસરે
ઓ બેની
જીરે વૈરવિરોધ નવિ રાખીયે, જીરે ધરિયે મન ઉલ્લાશરે ઓબેની
જીરે જુઠ વચન નવિ બોલીએ, જીરે જાણી ધર્મનો સારરે ઓબેની
જીરે કલ્પસૂત્રને નિત્ય સુણીયે, જીરે હોય સફલ અવતારરે ઓબેની
જીરે છઠ અઠ્ઠમ અઠાઈ કરો, જીરે આણી હરખ અપારરે ઓબેની
જીરે ખમીએ અને ખમાવીએ, જીરે પામશો ભવનો પારરે ઓબેની
જીરે પુજા પ્રભાવના નિત્ય કરો, જીરે ધારો ધર્મનુ ધ્યાનરે ઓબેની
જીરે ચત્ય પ્રવાડી નિત્ય કરો, જીરે કહે છે મુનિ કલ્યાણરે. ઓબેની.

ગઝલ જુગાર નિષેધક.

ન બાંધો પ્રેમ જુગટાથી, જુગટીઓ દુ ખ પામે છે,
ન દેખે સૌખ્ય અ તરમા, બધા ગુણો તે વામે છે, ૧
અનીતિ માર્ગમા ચાલે, અતિ ઝગડા કરી મ્હાલે,
અતિ દુષ્કર્મને પામી, સકલ ગુણ વર્ગને બાળે ૨
ગમાવ્યુ શ્રી નળે રાજ્ય, હતુ જે જગ વિષે પ્રાજ્ય,
જુગારે પાડવે હારી, પોતાની દ્રૌપદી નારી ૩
ઘણા જુગારીયા જોયા, અન્તે બધુ ખોઇને રોયા,
મફતનો માલ ન પચવાનો, નક્કી અ તે ન બચવાનો ૪
પછાડે ભૂવિષે પાશા, ને રાખે દ્રવ્યની આશા,
નથી ત્યા દ્રવ્ય મલવાનુ, મલ્યે વિશેષ ટલવાનુ ૫
જુગારી જાનથી મારે, બીજાના બાલકો પ્યારે,
ગ્રીવા મરડી ગ્રહે ભૂષણ, ખરેખર એ મહા દુષણ ૬
જાણી એમ છોડજો જુગટુ, દુષણ એ છે મહામોટુ,
મોહન ઉદ્યોત બાલકને, લહે સિદ્ધિ એ ત્યાગીને ૭

ગઝલ માંશ નિષેધક.

ખાવુ હોય માસનુ ખોટુ, જગતમા પાપ એ મોટુ,
વેજીટેરિયન બનો વ્હાલો, આહાર એ મનથકી ટાલો ૧
વિના મારે બીજા જ તુ, કદી નહિ માસ નિષ્પત્તિ,
ક્ષણેક્ષણ માસમા હોવે, બીજા જીવોની ઉત્પત્તિ ૨
અરે એ માસનુ ખાવુ, અને નરકે સીધા જાવુ,
નથી જ્યા દુ ખનો આરો, નથી ત્યા સુખનો કયારો ૩

જેને હુ ખાઉ છુ તેતો, બીજા જન્મે મને ખાશે,
કરી એ માસની યુક્તિ અરથ એ ચિત્તમા ધારો. ૪
ખાનારને થાય ક્ષણ તૃપ્તિ, બીજાનુ જીવતર જાય,
કરમ એ નીચ કરવાથી, નરકમા પાપી પસ્તાય ૫
કહે કોઈ હુ નમારૂ છુ, કસાઇને ત્યાથી ધારૂ છુ,
તેને પણ હુ તો વારૂછુ અને એ કામ ધિક્કારૂ છુ. ૬
ખાનારા હોયનો ઉઘડે, દુકાનો ભાઈ ઘાતકની,
તેથી ખાનાર પણ ઘાતક, વિચારો વાત અતરથી ૭
લાગે જો પગ વિષે કાટો, અરેરે ત્યા કરી પડતો,
બીજાને મારતો ત્યારે, શુ દુખ તે કેમ વિસરતો ૮
અમારૂ બલ વધે એથી, અમે કરીએ છીએ હિસા,
અરે એ યુક્તિ નહિ સાચી, કરો બલ હાથીમીમાસા ૯
શ્રેણીકે માસના કારણ, નરકનુ આઉખુ બાધ્યુ,
ગયા નરકે થયા દુખી, અગર સાયકત્વ પણ સાધ્યુ ૧૦
અગર આતમ ભુલ ઇચ્છો પ્રકાશો તો વિવેકજને,
મેળવશો સર્વથા કલ્યાણ, ગ્રહી હાથે ધરમધ્વજને. ૧૧

ગઝલ દારૂ નિષેધક.

તજો દારૂ પીવો પ્યારો, દારૂછે ધર્મનો નાશક,
સકલ નીચ કર્મનો નેતા, અખિલ પાપોનો ઉપાસક ૧
પીયેછે દારૂને જ્યારે, મતિ નાશે સકલ ત્યારે,
પડે બેહોશ રસ્તામા, મુતરતા શ્વાન મુઢામા ૨
ખરાબી દ્રવ્યની થાય, વલી બુદ્ધિ બિગડ જાય,
કરમ એ નીચ નહિ કરશો, બીજા હાથે કદી મરશો ૩

નશામા માતને જોઈ, કરે છે સ્રીસમ ચેષ્ટા,
બકેછે જેમ મન ફાવે, ગમે તેવી મળે જયેષ્ટા ૪

પિતા માતા અને ભ્રાતા, તણો વિવેક નાશે છે,
લવે લવરી ઘણી ત્યાતો, બધા દુર્ગુણ પાસેછે ૫

દારૂથી માસ પણ ખાતા, સીખે લેઇ પાપના ભાતા,
વેશ્યા પરનારીની સગત, બધુ એ દારૂનુ અગત ૬
પૈસા આપી મુરખ બનવુ, કેવુ એ કામ નઠારૂ છે,
એથી ચેતી ચલો ચેતન, પ્રવર્ત્તન એજ સારૂ છે ૭

સડેલા પાણી દારૂમા, જીવોનો પાર નહિ દીસે,
બધા શાસ્રો નિષેધે છ, કથી પાપો એના વિષે ૮
યદુનાકુલ સહિત કૃષ્ણ, થયો વેરાન દારૂથી,
તજો તેમ જાણીને દારૂ, કહ્યુ આ માનીલો મારૂ ૯

અગર આતમ ભલુ કરવુ, હશેતો છોડતા થાશે,
મળે કલ્યાણના ધરમે, કરમ જડમૂળથી જાશે ૧૦

ગઝલ વેશ્યા નિષેધક,

ન જોવુ મુખ પણ સારૂ, જગતમા વાર નારીનુ,
બધુ વઠેલ છે વર્ત્તન, ધરમની ખાસ કટારીનુ ૧

ન છોડે ઢેડને ભગી, રાખે વૃત્તિ વિવિધ રગી,
કોઢીના સગમા રાચે, સદા તે દ્રવ્યમા માચે ૨

એહથી રોગને ઝેલી, બીજામા જે મુકે ઠેલી,
તજીદો દુષ્ટ તે નાગી, જગતમા જે કરે ખ્વારી ૩

વેશ્યાના પાશમા પડતા, જરા લો એમ વિચારી,
ગતિ હાય શી થસે મારી, સેવુછુ પાપની ક્યારી. ૪

નીચ જાતિ બધી થુકે, જેમા એ જોઈને પ્યાલો,
ઘણાથી થુકતા અટકો, વેશ્યા તન કેમ લાગે વ્હાલો ૫
વેશ્યાના રંગમા રસીયા, ગતિ નરકાદિકે ફસીયા,
દુ ખોમા હોય ત્યા વસીયા, જરા નહિ ત્યાથી છે ખસીયા ૬
કરમ બદલો પુરો પામી, અને નીચ ગોત્રને વામી,
પુરણ પુણ્ય જો નીકલશે, અને જેન ધર્મને ધરશે ૭
તદા તસ મુક્તિ ભૂમલશે, અને દુ ખડા બધા ટલશે,
કદી જો વ્યશને મલશે, ફરી નરકે જઇ ઠરશે ૮
ચઢયો કૃત પુણ્ય ઉછરંગે, ગયુ ધન એ હતા સંગે,
કાઢી મુકયો તદા ઘરથી, અને દુ ખી થયો ડરથી ૯
કહે કલ્યાણ સુખી થાશે, પડયા ન જે એ હતા પાસે,
વેશ્યાની વાસના ત્યાગો, અગર જો સુખડા માગો ૧૦

ગઝલ શિકાર નિષેધક.

શિકારી સર્વથી ભુંડો, ધરે શિર પાપનો ઝુડો,
જીભના સુખના માટે, બિચારા જીવને કાટે ૧
પોતાના છોકરા સાથે, લડે તો મારવા ઉઠે,
પડેછે પ્રાણ હરવાને, બીજાના છોકરા પુઠે ૨
અરે તે દિલ થયા પત્થર, તડફતા પ્રાણી જે મારે,
ચુકી તે ધર્મ સર્વસ્ય, રૂપાલી જીંદગી હારે ૩
પડી પરમાદમા પાગલ, માને એ કામને રૂડુ,
જ્યારે દુ ખ દાવથી બળશે, ત્યારે તે લાગશે ભુંડુ ૪
બીજાને દુ ખ નહિ આપો, દુ ખીની આહ નહિ સારી,
મરેલા ઢોરની ચમડી, કરેછે લોહની ખ્વારી ૫

રાજા દસરથની સ્થિતિ, દેખો શિકારથી શી થઇ,
વિયોગે રામના તનથી, એકિલી જાન ચાલી ગઇ ૬
શિકારી રાજદરબારી, શિકારી કોળીને નાળી,
જસે નરકે ભુખે મરશે, ભડ કરો દુખડા ભારી ૭
ચેતોતો અહીથી ચેતો, પછી પુકે પડે વેતો,
રડે કાઈ કામ નહિ આવે, બલદ થઈ ખેડશો ખેતો ૮
ચાહો જો જીવ ઉદ્ધરવો, નહિ શિકારતો કરવો,
કહે કલ્યાણ પાપ સમરવો, તેથી એ ઉગતો હરવો ૯

ગઝલ ચોરી નિષેધક.

કરો નહિ કોઇ ભાઇ ચોરી, ચોરીથી સારૂ નહી થાસે,
કરેલુ પાછલુ ભેગુ, મળી એ માલમા નાસે, ૧
ચોરીના રગમા પડિયા, તેના પગ લોહથી જડિયા,
અધેરી કોટડીમા જઈ, મહા મહેનત ઉપર ચડિયા ૨
ચોરને ચૌગુણી ચિતા, વહે નિશદીન અતરમા,
જરા પણ સુખ નહિ એમા, રહે ચિત્ત નિત્ય દુખોમા ૩
મફતનો માલ ખાવાથી, તમારા દિલને વારો,
નથી તે માલ પચવાનો, સમજજો કાચો તે પારો ૪
કરી ચોરી ચઢયા શુળી, ઘણા એમ શાસ્ત્ર ફરમાવે,
તજો ચોરીતણો ધધો, જેથી જીવ સદ્ગતિ જાવે ૫
યદિ નહિ અહી પકડાવે, તદા પરલોકમા પાવે,
પોતાના પાપનો બદલો, શ્રી શાસ્ત્ર એમ ફરમાવે ૬
ગમે તેવી ચોરી કરતા, પરતુ ભુખથી મરતા,
દિસેછે એવા કઇ ચોરો, જુઓ એ પાપનો મ્હોરો ૭

મોહન ઉદ્યોત એમ કહેછે, ચોરી જો મનથી ભુલેછે,
કરેછે કલ્યાણનો દાવો, ચોરીથી દુર કરી ભાવો ૮

ગઝલ પરસ્ત્રી નિષેધક.

ન મ્હાલો મનથકી વ્હાલી, બીજાની જોઈને નારી,
નરકના દુઃખ દેનારી, કરેછે ધર્મની ખ્વારી ૧

કુટિલા ઝહેર દેનારી, આશકના પ્રાણ લેનારી,
અનેક રૂપો ભજવનારી, નરક નિગોદની બારી, ૨

રડેછે ને હસેછે એ, પોતાનુ કાર્ય કરવાને,
કરે વિશ્વાસુ છે તમને, તમારૂ દ્રવ્ય હરવાને ૩

નથી વિશ્વાસ તે કરતી, મસ્ત દુઃખ તરૂ ધરતી,
ઉપરથી પ્રેમ દિખલાતી, ચિત્તથી ચાકડે ચડતી ૪

સકલ ધન ધાન્યને હારી, જીવન નીચ શ્વાનસમ ધારી,
પરાઈ નારના ભોગી, થયા કંઈ કારમા રોગી ૫

બુરી નારી મહા નાગણ, તનુ મન ધન હરે બિનફણ,
હસતી કરડતી એવુ, ભવોભવ ઝેર પડે સહેવુ ૬

નદીસમ નીચ થઇ ચાલે, તરંગો મોહ ઉછાળે,
ઉભયકુલ ધ્વંસ કરનારી, તજો હા પારકી નારી ૭

રાવણે શ્રી સીતા હરીયા, મહા દુઃખ તેહથી ધરિયા,
લક્ષ્મણના હાથથી મરિયો, ગતિ નરકે તે સંચરિયો ૮

પરસ્રી ભોગના પાપો, મહાશાસ્ત્રે કહ્યા કાપો,
કલ્યાણ શક્તિ વધે એથી, મળે શિવ સંપદા તેથી ૯

સ્તવન.

સાહિબ તારી બંદગી મે ભુલતા નહિ, મે ભુલતા નહિ,
મે વિસરતા નહિ, સાહિબ તારી બંદગી મે ભુલતા નહિ
અષ્ટાદશ દોષરહિત, દેવહે સહિ,
અન્ય દેવ શંકરાદિ, મે માનતા નહિ સાહિબ 1

મુનિ હે નિર્ગંથ, સદગુરૂ હે સહિ,
અન્ય ગુરૂ ભેષધારી, મે માનતા નહિ સાહિબ

દાન શીયલ તપ ભાવ, ધર્મ હે સહિ,
અન્ય ધર્મ વિષય કષાય, મે માનતા નહિ સાહિબ

મુક્તિરૂપ સિદ્ધ સુખ, મે વંછતા સહિ,
સંસાર દુઃખ જાલરૂપ, મે જાચતા નહિ સાહિબ

કહે મુનિ કલ્યાણ, મુને તારિએ સહિ,
આવાગમન ભવભ્રમણ, મેટીએ સહિ સાહિબ

સ્તવન પ્રભાતિઉ.

જાગ તુ પ્રાણીયા, મોહ નિદ્રા થકી, જાયછે સમય, આ સાધવાનો
પુત્ર પરિવાર, ધનદારના સંગને, છોડ તુ ધર્મમા વિઘ્નમાની
મોહનું નૃત્ય તે, વિકટ છે નિકટ આ, ત્યા સુધી ધર્મની વાત શાની
પ્રીતથી પહેરીયા, વસ્ત્ર નવરંગ તે, અંગ આભુષણો સર્વ ધરીઅ
વેશ બહુવેશ ધરી ધીઠ થઇ ઠીકને, ઠાઠથી સર્વના ચિત્ત હરિઆ
માન મનમા ધરી ગર્વ મિથ્યા કરી ગાનમા તાનમા તુ તણાયો
શાન નહિ લેશ કરી કલેશ બહુ સર્વના દ્વેષ ધરી મુર્ખમા તુ ગણાયો
આપ ફક્કડ બની નિત્ય અક્કડ રહ્યો જાણી જક્કડ કરી જોર કરતો
શરમને ધરમ શુભ કર્મ છોડી કરી ભુલના ફંદમા નિત્ય ફરતો

રીત રૂડી હતી વાત કુડી ધરી મુખં મુકી કરી કર્મકેરી
કપટમા ઝપટ તુ લપટ થઇને રહ્યો નફટરે ફર બન્યો ધર્મ ઝેરી
વ્યસનમા ગરક થઈ નરક ગામી થયો કામ આવેશમા કેફ કરતો
સફલ કર જન્મ આ ધર્મના કર્મથી નિત્ય કલ્યાણ કહે ચાલ ડરતો

ઉપદેશક પદ.

મુરખો પુદ્ગલ દેખી લલચાવે, પાણીને.રેલે વૃથા તે જન્મ ગમાવે,
સંસાર મોહ ની જાલમા ફસાવે, લાખચોરાસી યોનિ ભટકાવેરે મુ ૧
માયાનેરૂપી સ્ત્રી બનાવીને મોહના વશમા પડિયો,
જ્ઞાનદ્વારાએ જાગીને જોયુનો, સંસાર માહે રડવડીઓરે મુ ૨
મોહનેરૂપી વિષવારીને, પીવાને જેમ તેમ ફરીયો
સદ્ગુરૂ વાક્ય જબ સુણો તબ, પોક મુકીને ખુબ રડીયે રે મુ ૩
સંધ્યાના સરખો સંસાર જાણી, રખે જીવ કોઈ લપટાશો
મોહમમત્વને દુર કરીને, આતમ ભાવજ ગાશોરે મુરખો ૪
મારાતારાનો સંબંધ છોડી, સમભાવે લ્યો રહીએ,
કલ્યાણમુનિ ગુરૂ વાક્ય સુણીને, ચિદાનંદ પદ લહીએરે મુરખો ૫

ઉપદેશક પદ.

પંચમકાલે પ્રાણીયારે, કરે કેવુ તોફાનહો લાલ,
ઉચ્ચ કુલને પામીનેરે, ધર્મનુ નહિ ભાનહો લાલ
જુઓજુઓ કર્મ વિટંબનારે ૧
મોજશોખના કામમારે, ફરવાની ઘણી ટેવહો લાલ,
દેવગુરૂ રૂચે નહિરે, ન કરે પ્રભુની સેવહો લાલ જુઓ ૨
ઘરમા ચીજ નહિ લાવતારે, બહાર ઉડાવે માલહો લાલ,
ઠાઠ ઠઠારો વધી ગયોરે, પછે થાયે કેવા હાલહો લાલ જુઓ ૩

સ્હાય વિના નથી ચાલતુરે, ભલે થઈએ ખુવારહો લાલ,
ઉધે મારગ ચાલતારે, શરમ ન આવે લગારહો લાલ જુઓ ૪
લાડીવાડીને ગાડીમારે, પેસા ખરચે લાખહો લાલ,
ધર્મ ઉદય આવે નહિરે, કાયા થાયે રાખહો લાલ જુઓ ૫
અન્યાય અનીતિમા પુરારે, કર્મબધનમા સૂરાહો લાલ,
રાગદ્વેષ માહે ભર્યારે, ધર્મની વાતે અધુરાહો લાલ જુઓ ૬
દેવદર્શન નથી સુજતુરે, લેવુ નહિ ગુરૂનુ નામહો લાલ,
વિષયતૃષ્ણાની લેહેરમારેનથી મારે બીજાનુ કામહો લાલ જુઓ ૭
ધર્મની મર્યાદા લોપીને, કરે ઉધાચીતા કામહો લાલ
શાસ્ત્રના અર્થ ઉથાપીનેરે, રાખે આપનુ નામહો લાલ જુઓ ૮
એવા પણ ભવિજીવનેરે, અતે છે તુજ આધારહો લાલ,
કલ્યાણમુનિ એમ વિનવેરે, ભવજલ પાર ઉતારહો લાલ
જુઓ જુઓ કર્મવિટ બનારે ૯

મરણ પાછલ લાડુ ન ખાવા પઉર કવિત.

ખરચના બોજા શીરપર ખમો, મુઆપર મિષ્ટાનો શુ જમો—એ ટેક
છેયા વેચો છોકર વેચો, વેચો ઘરને નારી,
જમણુતો કરવુ અમારે એમ ગણી હુશીયારી,
એવા ખોટા બેવકુફ બનો ખરચના ૧
ઘર બાલીને ખુબ ફુલાવો ખોટા ડોળે ચડો,
બે પેસાના વ્યાજે કાઢી, દુ ખદેવામા પડો,
હીદમા એવા મુરખા તમો ખરચના ૨
લાજ આબરૂ કા તપાસો, જપતી આવે મરો,

ઠમજ દીકરૂ બહારજ કાઢો, કેહની લાજે વરો,
એમ દેવાદારને નમો   ખરચના ૩
મરનારો તે મરી ગયો,, તે પુઠે લાડુ ચરો,
છૈયા છોકર બૈરા દુખી, એમ કરતા કઇ ડરો,
મૃતમા ગાડા થઈ શુ રમો   ખરચના ૪
ઓ ઓ કરતા આવી બેસો, ધ્યાન લાડુનુ ધરો,
ખાવા માટે છેકજ હલકા, આસુ ધારો ખરો,
વિચારો હાલનો આ સમો   ખરચના ૫
આજુબાજુ લાડુ ઊડતા, લ્યો લાડુ ભાઈ લાડુ,
બીજી તરફ મરનારને રૂઓ, એ દેખીતુ આડુ,
એવા શબ્દોપર શુ જમો   ખરચના ૬
બાર વરસની રામા રાડે, પણ લાડુના લોભી,
ખાવા માટે છેકજ હલકા, દીઠ એમ અશોભી,
બીછાવો લાલ જાજમો   ખરચના ૭
કાલ કહે દુનીયાના લોકો, કાલ રાક્ષસ આ કેવો,
મુઆપર પકવાન જમેએ, લોહી કોળીઓ લેવો,
વદે કેર મુલ કારમો   ખરચના ૮
પડયા ઉપર પાટુ દઇને, ખાતર વાશે દીવો,
વહાલુ જાતા કોણ ગણકારે, એવા નરશુ જીવો,
ગણે વિવાહ વાજમો   ખરચના ૯
મલીન મન તમારૂ દીઠુ, અભક્ષ્ય ખોરાક જમો,
કહે કલ્યાણ હવે હઠ મુકો, કલીજુગના આસમો,
મુઆપર ધીરજ શાણા ખમો   ખરચના ૧૦

મરણ પાછલ લાડુ ન ખાવા ઉપર કવિત.

આવો આવો ભાઇ આવો, શોક લાડુથી સમાવો,
મરણ પાછલ મોજ ઉડાવો ફરી વખત નહિ આવે આવો
આવો ૧
પ્રથમ તો ઓઓઓ કહેતા, મુખ થી બોલો રામ,
નનામી ની પછલ મૂકયુ, હવે લાડુનુ કામ,
ગમે તેટલા તેને તાવો આવો ૨
મરણ થાતા કહે ભાઈ ભુંડુ, મુખે બોલે મીઠા,
કાલી લીલી સફેદ પાઘો, લાડુ ખાતા દીઠા,
તેવા શોકે નહી શરમાવો આવો ૩
કેટલાકતો જમવા નવ આવે, શોક કહી સમજાવે,
ભાણાના ડબ્બલ લે લાડુ, ઘરમા બેઠા ખાવે,
લાડુ માટે વેશ ભજવો આવો ૪
નનામીની પાછલ દોડે, મૂકે લાબી પોકો,
આખે નો આશુ નવ દેખુ વાલા તેને શોકો,
લાડુ માટે ઠાઠ રચાવો આવો ૫
કલ્યાણમુનીતણી શિખામણ, સાભળી થાજો સારા,
મુઆ ઉપર લાડુ ખાવા, એ રાક્ષસના ધારા,
એવા રકને નહી સતાવો આવો ૬

श्री अजितप्रभु चैत्यवन्दन.

सकलसुखसमृद्धियस्य पादारविन्दे ।
विलसति गुणरक्ता भक्तराजीवनियम् ॥
त्रिभुवनजनमान्यः शान्तमुद्राभिरामः ।

सजयति जिनराज स्तुगतारगतीर्थं ॥ १ ॥
प्रभवतिम्किल भव्यो यस्य निर्वर्णनेन ।
व्यपगतदुरितौघः प्राप्तमोदप्रपञ्चः ॥
निजबलजितरागद्वेषविद्वेषिवर्गः ।
तमजिनवरगोत्रं तीथनाथ नमामि ॥ २ ॥
नरपनिजितशत्रो वंशरत्नाकरेन्दुः ।
सुरपतियतिमुख्यैर्भक्तिदक्षै समर्च्यः ।
दिनपतिरिव लोकेऽपास्तमोहान्धकारो ॥
जिनपतिरजितेशः पातु मांपुण्यमूर्तिः ॥ ३ ॥

श्री अभिनन्दनजिन चैत्यवन्दन.

विशदशारदसोमसमानन ।
कमलकोमलचारुविलोचनः ॥
शुचिगुणः सुतरामभिनन्दनो ।
जयतुनिर्मलनांचित भूघनः ॥ १ ॥
जगतिकान्तहरीश्वर लांछिते ।
कमसरो रुह भूरिकृपानिधे ॥
मम समीहितसिद्धिविधायकं ।
त्वदपरं कमपीह नतर्कये ॥ २ ॥
प्रवरसंवरसंवरभूपते ।
स्तनय नीति विचक्षण ते पदम् ॥
शरण मस्तु जिनेश निरन्तरम् ।
रुचिरभक्तिसुयुक्तिभृतो मम ॥ ३ ॥

श्री चन्द्रप्रभ चैत्यवन्दन.

अनन्तकान्तिप्रकरेण चारुणा ।
कलाधिपेनाश्रित मात्मसाम्यतः ॥
जिनेन्द्रचन्द्रप्रभदेवमुत्तमम् ।
भवन्तमेवात्महितं विभावये ॥ १ ॥
उदारचारित्रनिधे जगत्प्रभो ।
तवाननाम्भोजविलोकनेनमे ॥
व्यथासमस्ताऽस्तोदितं सुखम् ।
यथातमिस्रादिन मकतेजसा ॥ २ ॥
सदैव ससेवनतत्परेजने ।
भवन्ति सर्वेपि सुराः सुदृष्टयः ॥
समग्रलोके समचित्तवृत्तिना ।
त्व यैवसंजातमतो नमोऽस्तुते ॥ ३ ॥

એકસો સિત્તેરજીન ચૈત્યવંદન

સોલે જીનવર સામલા । રાતા ત્રીશ વખાણુ ॥
લીલા મરકત મણીસમા । આડત્રીશ ગુણખાણુ ॥ ૧ ॥
બીજા કુંચનવર્ણસમા । છત્રીશે જીનચંદ ॥
શંખવરણ સોહામણુ । પચાશે સુખકંદ ॥ ૨ ॥
સીતેરસો જીન વંદિએ । ઉત્કૃષ્ટા સમકાલ ॥
અજીતનાથ વારે હુવા । વંદુ થઈ ઉજમાલ ॥ ૩ ॥
નામ જપતા જીનતણું । દુરગતિ દુરે જાય ॥
ધ્યાન ધ્યાતા પરમાત્મા । પરમ મહોદય થાય ॥ ૪ ॥

જીનવર નામે જશ ભલો । સફન મનોરથ સાર ॥
શુદ્ધ પ્રતિતિ જીનતણી । શિવસુખ અનુભવધાર ॥ ૫ ॥

શ્રી તિથંકરની રાશિનુ ચૈત્યવંદન.

શાતિ નમી મલ્લી મેષ છે, કુથુ અજીત વૃષ ભાતિ,
સભવ અભિનદન, મિથુન, ધર્મકરકસિંહ સુમતી ॥૧॥
કન્યા પદ્મપ્રભુને ધીવર, પાસ સુપાસ તુલાએ,
શશી વૃશ્ચિક ધન ઋષભદેવ, સુવિધિ શીતલજીનરાય ॥૨॥
મકર સુવ્રત શ્રેયાસને, બારમા ઘટમીન લીલ,
વિમલ અનત અરનામથી, સુખીયા શ્રીશુભવીર ॥૩॥

શ્રીસિદ્ધચક્રજીનુ ચત્યવંદન.

વિમલકેવલજ્ઞાન એ દેસી

સકલ મગલ પરમકમલા । કેલીમજુલ મદિર ॥
ભવકોટી સમીતપાપ નાશન । નમો નવપદ જયકર ॥૧॥
અરિહંત સિદ્ધ સૂરિવાચક । સાધુ દરિસન સુખકર ॥
વરજ્ઞાન પદ ચારિત્રતપએ ॥ નમો૦ ॥ ૨ ॥
શ્રીપાલ રાજા શરીર તાજા । સેવતા નવપદવર ॥
જગમા હેગાજા કિરતિતાજા । નમો૦ ॥ ૩ ॥
શ્રી સિદ્ધચક્ર પસાય સકટ । આપદા નાસેખર ॥
વલી વિસ્તરે સુખ મનો વાછિત । નમો૦ ॥ ૪ ॥
આબિલ નવદિન દેવવદન । ત્રણે ટકે નિરતર ॥
દોયવાર પડીકમણુ પલેવણુ । નમો૦ ॥ ૫ ॥
ત્રીકાલે ભાવે પૂજીએ । ભવતારક તીર્થંકર ॥
તિમ ગણુણુ હોય હજાર ગણીએ । નમો૦ ॥ ૬ ॥

એમ વિધિ સહિત મન વચન કાયા । વશ કરી આરાધીયે ।।
તપ વર્ષ સાડાચાર નવપદ । નમો૦ ।। ७ ।।
ગદ કષ્ટચૂરે સર્વ પૂરે । યક્ષવિમલેશ્વરવર ।।
શ્રીસિદ્ધચક્રપસાય માણિક ।। વિજયવિલસે સુખકર ।।
નમો૦ ।। ८ ।।

श्री ऋषभजिन स्तुतिः

भक्तामरप्रणतमौलिमणिप्रभाणा
मुद्दीपकं जिनपदाम्बुजयामलते ॥
स्तोष्येमुदाऽहमनिशंकिल मारदेव
दुष्टाष्टकमरिपु मण्डलभित्सुधोर ॥ १ ॥
श्रीमज्जिनेश्वरकलापमहंस्तुवेरमु
द्योतकं दलितपापतमोवितानम् ॥
भव्याम्बुजातदिननाथनि भस्तवीमि
भक्त्यानमस्कृतमपर्त्यनराधिराजैः ॥ २ ॥
वर्यांजिनक्षितिपतेस्त्रिपदीमवाप्य
गच्छेश्वरैः प्रकटिता किलवाग्मुदाया ॥
सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा
देवं शुभार्थनिकरै र्भुविसाऽस्तु लक्ष्म्य ॥ ३ ॥
यक्षेश्वर स्तवजिनेश्वर गोमुखा ह्वः
सेवां व्यधत्तकुशलक्षितिभृत्पयोदः ॥
त्वत्पादपङ्कजमधुव्रततां दधाना
वालम्बनं भवजले पततां जनानाम् ॥ ४ ॥

श्री अभिनन्दनजिन स्तुति·

त्वमशुभान्यभिनन्दननन्दिता सुरवधूनयनः परमोदर ॥
स्मरकरीन्द्रविदारणकेशरिन् सुरवधूनयन परमोदर ॥ १ ॥
जिनवराः प्रयतध्वमितामया मम तमोहरणाय महारीणा ॥
प्रथयतो भुवि विश्वजनीनता ममतमोहरणाय महारीणा ॥ २ ॥
असुमतां मृतीजात्यहिताय यो जिनवरागमनो भवमायतम ॥
मलघुतां नयनिर्मथितोद्धता जिनवरागमनो भवमायतम ॥ ३ ॥
विशिखशङ्खजुषाधनुषास्तसत् सुरभियाततनुन्नमहारिणा ॥
पहिगतां विशदामिह रोहिणीम सुरभियाततनुन्न महारिणा ॥४॥

श्री पद्मप्रभजिन स्तुति·

पादद्वयी दलितपद्म मृदुः प्रमोद
मुन्मुद्रतामरसदामलतान्तपात्री ॥
पाद्मप्रभी प्रविदधातु सतांवितीर्ण
मुन्मुद्रतामरसदामलतान्तपात्री ॥ १ ॥
साम्मे मतिंवितनुताज्जिनपङ्क्तिरस्त
मुद्रागतामरसभासुरमध्यगाधाम ॥
रत्नांशुभिर्विदधतीगगनान्तराल
मुद्रागतामरसभासुरमध्यगाधाम ॥ २ ॥
श्रान्तिच्छिदं जिनवरागममाश्रयार्थं
मारामयानमलसन्तमसङ्गमानाम् ॥

धामाग्रिमंभवसरित्पतिसेतुमग्त
मारामभमानमलसन्तमसगमानाम् ॥ ३ ॥
गान्धारिवज्रमुसले जयतःसमोर
पातालसत्कुवलयावलिनी लभेते ॥
कीर्तीः करप्रणयिनी तवये निरुद्ध
पातालसत्कुवलयावलिनी लभेते ॥ ४ ॥

श्री नेमिजीन स्तुति

कमलवल्लपन तव राजते जिनपते भुवने शशिवाल्मज ॥
मुकुरवद् विमलं क्षणदावशाद् हृदयनायकवत् सुमनोहरम् ॥१॥
सकलपारगनाःप्रभवन्तु मे शिवसुखाय कुकर्मविदारकाः ॥
रुचिरमङ्गलवल्लीवने घनाः दश तुरङ्गमगौरयशोधराः ॥ २ ॥
मदनमानजरानियनोज्झिता जिनपते तववागमृतोपमा ॥
भवभृतांभवताच्छिवशर्मणे भवपयोधिपतज्जनतारका ॥ ३ ॥
जिनपपादपयोरुहहंसिका दिशतु शासननिर्जरकामिनी ॥
सकलदेहभृताममलं सुखम् मुखविभाभरनिर्जितभावियो ॥४॥

श्री शान्तिजिन स्तुति

सकलकुशलवल्ली पुष्करावर्त्तमेघो
मदनसदृशरूपः पूर्णराकेन्दुवक्त्रः ॥
प्रथयतुमृगलक्ष्मो शान्तिनाथोजनानाम्
प्रसृतभुवनकीर्तिः कामितकम्रकान्ति ॥ १ ॥

जिनपतिसमुदायो दायकोऽभीप्सितानां
दुरिततिमिरभानुः कल्पवृक्षोपमानः ॥
रचयन्तुशिवशान्तिं प्रातिहार्य्यश्रियंयो
त्रिकटविषमभूमीजातदर्त्तिंबिभर्त्ति ॥ २ ॥
प्रथयतु भविकानां ज्ञानसंपत्समूहं
समयइहजगत्यामाप्तवक्त्रप्रसूतः
भवजलनिधिपोतः सर्वसम्पत्तिहेतुः
प्रथितघनघटायां सर्पकान्तप्रकारः ॥ ३ ॥
जयविजयमनीषामन्दिर ब्रह्मशान्ति
सुरगिरिसम धीरः पूजितोन्यक्षयक्षैः ॥
हरतुसकलविघ्न योजने चिन्त्यमानः
सभवतुसततव श्रेयसेशान्तिनाथः ॥ ४ ॥

श्रीपार्श्वजिन स्तुतिः

श्रयः श्रियां मङ्गलकेलिसद्म श्रीयुक्तचिंतामणिपार्श्वनाथ ॥
दुर्वारसंसारभयाच्चरक्ष मोक्षस्यमार्गे वरसार्थवाहः ॥ १ ॥
जिनेश्वराणां निकरे क्षमायां नरेन्द्रदेवेन्द्रनतांह्रिपद्म ॥
कुरुष्वनिर्वाणं सुखं क्षमाभृत् सत्केवलज्ञानरमां दधान ॥२॥
कैवल्यैवामाहृदयैकहार क्षमासरस्वद्रजनीशतुल्यः ॥
मर्वज्ञसर्वातिशयप्रधान तनोतु ते वाग्जिनराजसौख्यम् ॥३॥
श्रीपार्श्वनाथक्रमणाम्बुजात सारङ्गतुल्यः कलधौतकान्तिः ॥
श्रीयक्षराजोगरुअभिधानः विरअयज्ञानकलानिधानः ॥ ४ ॥

श्री वीरजिन स्तुति·

कल्याणमन्दिर मुदारमवद्यभेदि
दुष्कमवारणविदारणपश्चवक्त्रम् ॥
यत्पादपद्मयुगलं प्रणमन्तिशक्राः
स्तोष्ये मुदाजिनवरजिनत्रैशलेयम् ॥ १ ॥
क्षीणाष्टकर्मनिकरस्य नमोऽस्तुनित्यम्
भीताभयप्रदमनिन्दितमङ्घ्रिपद्मम् ॥
इष्टाथमण्डलमुसर्जनदेव वृक्षम्
नित्योदयदलिततीव्रकषायमुक्तम् ॥ २ ॥
जैनागमदिशतुसर्वसुखैकदारम
श्रीनन्दनक्षितिजहव्यहतिप्रकारम् ॥
संसारसागरनिमज्जदशेषजन्तु
बोहित्थसन्निभमभीष्टदमाशुमुग्रम
मातङ्गयक्षरमलां प्रकरोतिसेवाम ॥ ३ ॥
पूर्वान्तिमारसमभीप्सितदं विशालम
उत्पत्तित्रिस्तरनदीशपतज्जनानाम
पोतायमानमभिनम्यजिनेश्वरस्य ॥ ४ ॥

श्री जिन स्तुति·

नम्रेन्द्रमौलिप्रपतत्परागपुञ्जः ।
स्फुरत्कर्बुरितक्रमाब्जम ।
वीरभजेनिर्जितमोहवीरम ।
संसारदावानलदाहनीरम ॥ १ ॥

पुष्पौघपद्मदलसौरभगुण्डितानि ।
स्वर्णाम्बुजैः सुरकृतैः परिमण्डितानि ॥
वन्देऽर्हतां वरपदानि नतान्यजेन ।
भावावनामसुरदानवमानवेन ॥ २ ॥
नानारत्नैः सुभगमतुलप्रौढसादृश्यपाठैः ।
विज्ञज्ञातैर्बहुनयभरैः सत्तरङ्गैरुपेतन ॥
युक्ताजैनं समयमुदविकीर्त्तयाम्यस्मिकामं ।
बोधागाधंसुपदपदवीनीरपूराभिरामम् ॥ ३ ॥
श्रीमद्वीरक्रमाम्भोरुहरसिकमनाराजहंसीवरम्या ।
सिद्धासिद्धाविरुद्धा विशदगुण लसद्भक्त हृत्पद्मरुद्धा ॥
यायत्तेस्वीयकण्ठे घनसुरभिरसां पुष्पमालांविशाला ।
मामूलालोलधूली बहुलपरिमला लीढलोलालिमाला ४

श्री ज्ञानपञ्चमी स्तुति·

शैवेयःशङ्खकेतुःकलितजनमनःसंशयःसर्वकालं–
त्रिश्वेश सौवदेहद्युतिविजितघनःकर्मघर्मामृतांशुः ॥
क्षान्त्याढयः कष्टदुष्टक्षय करणपरोरैवतोत्तंमतुल्यः ।
कल्याणं पञ्चमीसत्तपसि वितनुतां पञ्चमज्ञानवान्वः ॥ १ ॥
नाभेयत्रैशलेयप्रथमचरमकश्चन्द्रवच्चारुचश्चन् ।
मूर्त्तिःस्फुर्त्तिंदधानःप्रथयतिकुमुदं यो बुधाऽऽह्लादहेतुः ॥
मोद्दामश्छद्मपद्मविकचकरकरः सत्कलावान्मनोज्ञो ।
ज्ञानंपुष्याज्जिनौघ' म नपस्मिभविनां पंचमीवासरस्य ॥ २ ॥

गीर्वाणाधीशपुंसां पतिकुसुमभिदं पुण्यभाजो मनुष्याः ।
निर्वाणामेयसौख्यप्रबलफलमथो यत्प्रसादाल्लभन्ते ॥
श्रीसार्वप्रौढशुद्धागम तरणिरुहःसिद्धिदानैकरक्त ।
स्तत्पञ्चम्या स्तपस्युद्यतविशदधियां भाविनामस्तु नित्यम ॥३॥
संपूर्णापूर्णिमेन्दुप्रभसुभगगुणैर्दत्तदेवेन्द्रनाना ।
मोद्यद्गन्धद्विपेन्द्रप्रचुरमदहरैणाधिपेराजमानी ॥
श्रीअर्हद्भक्तिभावा विमलकजकरा भास्वदम्बाभिधाना ।
पञ्चम्यास्तत्तपोऽथ वितरतु कुशलं धीमतांसावधाना ॥ ४ ॥

શ્રી પર્યૂષણની થોય.

વરસ દીવસમા અષાઢ ચોમાસો, તેહમા વલી ભાદરવો માસ,
આઠ દિવસ અતીખાસ, પર્વ પજુસણ કરો ઉલ્લાસ
અઠાઈ ધરનો કરવો ઉપવાસ, પોસહ લીજે ગુરૂપાસ,
વડા કલ્પનો છઠ્ઠ કરીને, તેહતણો વખાણ સુણીજે,
ચૌદ સુપન વાચીજે, પડવે તે દીન જન્મ વચાય,
ઓચ્છવ મોહોછવ ધવલ ગવાય, વિરજીનેશ્વરરાય ॥ ૧ ॥
બીજે દીન દિક્ષા અધિકાર, સાજ સમય નિરવાણ વિચાર,
વીરતણો પરિવાર, ત્રીજ દીને શ્રીપાર્શ્વવિખ્યાત,
વલીનેમીશ્વરનો અવદાત વલી નવભવની વાત,
ચોવીશ જીન અતર તેવીસ, આદિ જીનેશ્વર શ્રી જગદીશ,
તાસ વખાણ સુણીશુ ધવલ મગલ ગીત ગહુલી કરીએ,
વલી પ્રભાવના નિત્ય અનુસરીએ, અઠ્ઠમ તપજપ વરીએ ॥૧॥
આઠ દીવસલગે અમર પલાવો, તેહતણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો, સવત્સરી દીન સાર કહેવાય,

સંઘ ચતુરવિધ ભેલો થાય, બારસે સૂત્ર સૂણાય,
થિરાવલિ તે સમાચારી પટાવલી પ્રમાદ નીવારી,
સાંભલજો નરનારી, આગમ સૂત્રને પ્રણમીશ,
કલ્પસૂત્રસુ પ્રેમ ધરીશ, શાસ્ત્ર સર્વે સુણીશ ॥ ૩ ॥
સત્તરભેદી જીનપૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો,
વિધિશુ સ્નાત્ર ભણાવો, આડંબરસુ મંદીર જઇએ,
સંવત્સરિ પડિક્કમણું કરીએ, સંઘ સર્વેને ખમાવીએ,
પારણું સ્વામિ વચ્છલ કીજે, યથાશક્તિએ દાનજ દીજે,
પુન્ય ભંડાર ભરીજે, શ્રીવિજયક્ષેમસુરી ગણધાર,
જસવન્ત સાગર ગુરૂ ઉદાર, જીણંદસાગર જયકાર ॥ ૪ ॥

ઋષભદેવજીન થોય.

અતિ સુઘટ સુંદર ગુણપુરંદર, મંદરરૂપ સુધીર ।
ઘનકર્મ કદલી, દલનદંતી, સિંધુસમ ગંભીર ॥
નાભિરાય નંદન, વૃષભલંછન ઋષભજગદાનંદ ।
શ્રીરાજવિજય,સુરીંદ તેહના વંદે પદ અરવિંદ ॥ ૧ ॥
સુરનાથ સેવિત, વિબુધ વંદિત વિદિત વિશ્વાધાર ।
હોય શામલા હોય ઉજલા, હોય નિલવર્ણ ઉદાર ॥
જાસૂસકુલ સમાન હોઈ સોલ સોવનવાન ।
શ્રીરાજવિજય સુરિરાજ અહોનિશ, ધરે તેહનુ ધ્યાન ॥૨॥
અજ્ઞાન મહાતમરૂપ રજની, વેગે વિદ્ધંસણતાસ,
સિદ્ધાંત શુદ્ધ, પ્રબોધ ઉદયો દિનકર કોડી પ્રકાશ ॥
પદબંધ શોભિત, તત્વગર્ભિત સુત્ર પિસ્તાલીશ ।
અતિ સરસ તેહના અર્થ પ્રકાશે, શ્રીરાજવિજય સુરીશ ॥૩॥
ગજગામિની અભિરામકામિની દામીનીસીદેહ ।

સાકમલનયણી, વિપુલવયણી, ચકકેસરી ગુણગેહ ॥
શ્રીરાજવિજય સૂરીંદ્ર પાયે, નિત્ય નમતી જેહ ।
કહે ઉદયરત્ન વાચક જૈનશાસન, વિઘ્ન નિવારે તેહ ॥૪॥

શ્રી શાન્તિજીન થોય.

સકલસુખાકાર, પ્રણિમત સાગર, સાગરપરે ગભીરોજી ।
સુકૃતલતા વન, સીંચન ઘનસમ, ભવિજન મનતરૂ કીરોજી ॥
સુરનર કિન્નર, અસુર વિદ્યાધર, વંદિતપદ અરવિંદજી ।
શિવસુખ કારણ, શુભ પરિણામે, સેવો શાન્તિ જીણંદજી ॥૧॥
સયલ જીનેશ્વર ભુવણદિણેસર, અલવેસર અરિહંતાજી ।
ભવિજન કુમુદ, સંબોધન શશીસમ ભયભ જન ભગવંતાજી ॥
સુવિહિત મુનિજન, માનસરોવર, સેવિતગજ મરાલોજી ।
કલિમલ સકલ નિવારણ જલધર, નિર્મલ સૂત્ર રસાલોજી ॥
આગમ અકલ, સુપદપદે શોભિત, ઉંડા અર્થ અગાધોજી ।
પ્રવચન વચના, તણીજે રચના ભવિજન ભાવે આરાધોજી ॥૩॥
વિમલ કમલદલ નિર્મલ લોયણ, ઉલ્લસિત ઉરે લલિતાંગીજી ।
બ્રહ્માણી દેવી નિરવાણી, વિઘ્નહરણ કણયંગીજી ॥
મુનિવર મેઘરત્નપદ અનુચર, અમરરત્ન અનુભાવેજી ।
શ્રી નિરવાણી દેવી પ્રભાવે, ઉદય સદા સુખ પાવેજી ॥૪॥

જીનદાસજી કૃતપદ.

સુનરે સુજાણ પ્યારે । એક જ્ઞાનની કથા ॥
જગમે અસાર હે । મોતુ મુઝે બના ॥ ટેર ॥
કહેતા હૈ મેરામેરા । યહ તેરા કૌન હૈ ॥
એક દમમે નિકલ જાયગા । ફીર આતા કોનકે ॥સુણ॥૧॥

શવણુ સરીખે હોચુકે । જીનકે ઉડે નિશાન ॥
એક પલમે સબી છીન લીયા સો । તેરા કયા ગુમાન ॥સુણ॥૨॥
માદર–ફાદર વિરાદર । કજ્જદયાર મન ॥
સબી સુખકે સધાતી હૈ । નહિ દુખકે સજન ॥સુણ॥૩॥
કહતા હે જીનદાશ । મુઝે પ્રભુ પ્યારા હૈ ॥
યહી પ્રભુ પ્યારા હે । જીસને ભવસુધારા હે ॥ સુણ ॥૪॥

પદ

સુણ ચરખાવાલી । તેરા ચરખા બોલે હુહુ ॥ ટેર ॥
જલમે ભયા થલમે ઉપના । બસ ગયા નગરમે આપ અલ્પ ॥
એક અચબા એસા દેખ્યા । બેટી ભયા બાપરે ॥ સુણ ॥૧॥
ભાવભક્તિકી રૂય મગાઈ । સુરત પીજાવણુ ચાલી ॥
જ્ઞાનપિંજારા પિંજણુ બેઠા । તાત પકડ ઝણકાઈરે ॥સુણ॥૨॥
બાવલમેરો બ્યાવત કરતહે । અણુજાણો વર આપ ॥
અણુજાણો વર નહિ મીલેતો । બેટ્રી જાયા બાપરે ॥સુણ॥૩॥
સાસુ મરે જો નણદ મરેજો । પરણોભી મરજાય ॥
એક બુઢીયો નહિ મરેતો । તેણે ચરખા દીયો દેખાયરે ॥સુણ॥૪॥
ચરખો મેરો રંગરંગીલો । પુણી હે ગુલજાર ॥
કાતણવાલી છેલછબીલી । ગીણગીણ કાઢે તારરે ॥ સુણ ॥ ૫ ॥
ઇણ ચરખામે હુહુ વસેરે । હુહુ લખે નહિ કોય ॥
આનંદઘન યા લખે વિભૂતિ । આવાગમન નહિ હોયરે ॥સુણ॥૬॥

પદ.

હક મરના હક જાના યારો । હક મરના હક જાના ॥
મત કરના સર્વ ગુમાના યારો ॥ હક ॥ ટેર ॥
મટ્ટી ઓઢણ મટ્ટી પહેરણ । મટ્ટીહી દાસી દાના ॥
એકદીન એસા આયગા જબ । જંગલ કીયાહે ઠીકાના ॥હક॥૧॥

હાથી ચડતે ઘોડે ચડને । ઔાર આગે નિશાના ॥
નીલી પીલી બેરખ ચલતી । ઉત્તર કીયા પયાના ॥ હુક ॥૨॥

સામાયકના લાભની સઝાય.

કર પડિક્રમણુ ભાવસુ । હોય ઘડી શુભ જાય લાલરે ॥
પરભવ જાતા જીવને । સબલ સાચુ જાણુ લાલરે ॥ કર ॥૧॥
શ્રીમુખવીર એમ ઉચરે । શ્રેણિકરાય પ્રતે જાણુ લાલરે ॥
લાખખાડી સોનાતણી । દીયે દીન પ્રત્યે દાન લાલરે ॥ કર ॥૨॥
લાખ વરસ લગી તે વલી । એમ દીયે દ્રવ્ય અપાર લાલરે ॥
એક સામાયિકને તોલે । નાવે તેહ લગાર લાલરે ॥ કર ॥૩॥
સામયિક ચોવીસ્થ્થો । ભલુ વદન હોયવાર લાલરે ॥ કર ॥૪॥
કરકાઉસગ્ગ શુભ ધ્યાનથી । પચખાણ સુધુ વિચાર લાલરે ॥
દોષ સઝાયે તે વલી । ટાળો ટાળો અતિચાર લાલરે ॥ કર ॥૫॥
શ્રી સામાયિક પ્રસાદથી । લહીએ અમર વિમાન લાલરે ॥
ધર્મસિહ મુનિ એમ ભણે । એછે મુક્તિનિદાન લાલરે ॥ કર ॥૬॥

બાહુબલની સઝાય.

બાહુબલ ચારિત્ર લીયોરે । સાચો ધરી વૈરાગ ॥
ભરતેશ્વર એમ વિનવેરે । વારવાર પાય લાગ ।
હુરખલર મુજશુ બોલજ્યોરે । થાને રિખભદેવજીરી આણ ॥
થે તો મ કરો ખેચાતાણુ । થે તો માહારે જીવણપ્રાણ
॥ હુરખ ॥ ૧ ॥
હુ તો ભાઈ તાહરોરે । જેમે કીધો દોશ ॥
તોપણ ખમજો ભાઈડારે । ગુરૂવા ન ધરે રોષ ॥ હુ ॥ ૨ ॥

આવો બાહુ દેઈ ભીચ્યારે । ભુવો આખ ઉઘાડ ॥
બોલો મીઠા બોલડારે । પુરો મનનો લાડ ॥ હરખ ॥ ૩ ॥
ખીલો નાખુ તોડનેરે । જીણકુલ જાઈ બેઠ ॥
નાયો આયુધ શાલમેરે । જ્યુ બ્રાહ્મણ ઘરે ઢેઠ ॥ હરખ ॥ ૪ ॥
ભાભીના બોલબડારે । કેમ સભલાયે કાન ॥
જાતા પાવ બહેન હીરે । તુઝને મુકી રાન ॥ હરખ ॥ ૫ ॥
તુ જીત્યો હુ હારીઓરે । દેવ ભરે હે શાખ ॥
તુઝ સરીખો જગ કો નહિ રે । મુજ સરીખો હે લાખ ॥ હરખ ॥ ૬ ॥
માથે સુરજ આવીયોરે । પરીનો સારોગાત ॥
બેસો ભોજન જમીયેરે । સાકર દ્રાક્ષની વાત ॥ હરખ ॥ ૭ ॥
નિન્નાણુ એકણમતેરે । મુજને લોભી જાણ ॥
તે સહુ મુજને પરીહર્યોરે । જ્યુ વરસાલે છાણ ॥ હરખ ॥ ૮ ॥
તુ તો માહરે આતમારે । તુહીજ માહરે બાહુ ॥
દીશ સુની ભાઈ બીનારે । આવોને ઘર જાહુ ॥ હરખ ૯ ॥
બોલ ઘણાઈ બોલીયારે । ભરતેશ્વર મહારાજ ॥
હાથીના દાત જે નીકલારે । તે પાછો નહિ જાય ॥ હરખ ॥ ૧૦ ॥
અભિમાની શીર સેહરોરે । બાહુબલ રીખીરાય ॥
સીદ્ધાકર્મ ખપાવીનેરે । વિમલ કીરતી ગુણ ગાય ॥ હરખ ॥ ૧૧ ॥

શ્રાવકની સઝાય

શ્રાવક જન તો એને કહીએ । સગધા સમકિત મૂલરે ॥
દેવ ગુરૂને ધર્મ વિવેકે । આરાધે અનુકુલરે ॥ શ્રા ૧ ॥
નિશ્ચય નય વ્યવહારને જાણે । સ્યાદ્‌વાદ સુખમુલરે ॥
દ્રવ્ય ગુણ પર જાય ને ધ્યાને । શ્રાવકને પ્રતિકુલરે ॥ શ્રા ૨ ॥

નયાં નિક્ષેપ પ્રમાણુની રચના । છાંડે મિથ્યા મૂલરે ॥
નિજ પર રમણરૂપને જાણે । મિત્ર શત્રુ સમ તુલ્યરે ॥ શ્રા ૩ ॥
પરનિંદા મુખથી નવિ ભાખે । જાણે કરમની ભૂલરે ॥
લેશ માત્ર પરના ગુણ દેખી । ગ્રહણ કરે અતુલરે ॥ શ્રા ૪ ॥
પર ઉપગારી ધર્મ જન પક્ષી । એવા પુરૂષ અમૂલરે ॥
મયાવિજયતે સંગ કરતા જાય અનાદિથી ભૂલરે ॥ શ્રા ૫ ॥

નિંદાવારક સઝાય

નિંદા મ કરજો કોઈની પારકીરે । નિંદાના બોલ્યા મહાપાપરે ॥
વયર વિરોધ વાધે ઘણોરે । નિંદા કરતો ન ગણે માયબાપરે
॥ નિંદા ॥ ૧ ॥
દુર બલતી કાં દેખો તમેરે । પગમાં બલતી દેખો તમે કોયરે ॥
પરના મેલમાં ધોયા લુગડારે । કહો કેમ ઉજલા હોયરે॥નિ ॥ ૨ ॥
આપ ન ભાખો ગહુ ડાહ્યા આપણુરે । નિંદાની મુકો પડી ટેવરે ॥
થોડે ઘણે અવગુણ સહુ ભર્યારે । કોઈના નલીયા ચુવે કોઈના
નેવરે ॥ નિ ॥ ૩ ॥
નિંદા કરે તે થાય નારકીરે । તપજપ કીધુ સો જાયરે ॥
નિંદા કરો તો કરજો આપણીરે । જેમ છુટકબારો થાયરે
॥ નિ ॥ ૪ ॥
ગુણ ગ્રહ જો સહુ તણારે । જેહમાં દેખો એક વિચારરે ॥
કૃષ્ણ પરે સુખ પામશોરે । સમય સુંદર સુખકારરે ॥ નિ ॥ ૫ ॥

થુલીભદ્રની સજ્જાય.

આબો મોરયો હે આગણે । પરીમલ પુહવી ન માય ॥
પાને પ્રસી હે કેતકી । ભ્રમર રહ્યાડે લભાય ॥ આબો ૧ ॥

આવે થુલીભદ્ર વાલહ । લાછલ દેહના હા નદ ॥
તુમસુ મુજ મન મોહીયુ । જમ સાયરને ચદ ॥ આવો ૨ ॥
સુગુણા સાથે હો પ્રીતડી । દીન દીન અધીકી હો થાય ॥
લાગો રગ મજીઠનો । કદીય ચટક ન જાય ॥ આવો ૩ ॥
નેહ વિહુણા માણસા । જેહવા આવલ ફુલ ॥
દીસતા રલીયામણા । પણ નવી પામે હો મૂલ્ય ॥ આવો ૪ ॥
કોયલડી ટહુકા કરે । આબે લહકે લુબ ॥
થુલીભદ્ર સુરતરૂ સારીખા । બીજા કણયર કબ ॥ આવો ૫ ॥
થુલીભદ્રે કોશ્યાને બુઝવી । દીધો સમકિત સાર ॥
રૂપવિજય કહે શીયલથી । લહીએ સુખ અપાર ॥ આવો ૬ ॥

ભવદેવની સજઝાય

ભવદેવ ભાઇ ઘરે આવીયારે । મતિ બોધવા મુનિરાયરે ॥
હાથમા લીધુ ઘતનુ પાતરૂરે । ભાઇ મુને આવેરો પાચાડરે
નવિ તે પરણ્યો તે ગોરીનાગીલારે ॥ ૧ ॥
એમ સમજાવી ગુરૂ પાસે લાવીયારે । ત્યારે ગુરૂ પુછે દીક્ષાના
કાઈ ભાવરે ॥
લાજે નાકારો તેણે નવી કર્યો રે । ત્યારે દીક્ષા લીધી ભાઈની પાસરે
॥ નવી ૨ ॥
બાર વરસ સયમ રહ્યુરે । હૈયડે ધરતો નાગીલાનુ ધ્યાનરે ॥
હા–હા, મુરખમે આ શુ કર્યુરે । નાગીલા તજી તજી જીવન
પ્રાણરે ॥ નવી ૩ ॥
ચદ્રવદન મૃગ લોયણીજી । કાઈ વલવલતી મુકી ઘરની નારરે ॥
ભવદેવ ભોગી ચિત્ત આવીઓરે । ત્યારે અણઓલખી પુછે ઘરની
નારરે ॥ નવી ૪ ॥

નારી કહે સુણો સાધુજી હો । તુમે છો ગુણના ભંડારરે ॥
ગજ છોડી ખર તુમે નવી ચડોરે । કાંઈ વમનનો લીયો છો
આહારરે ॥ નવી ૫ ॥
નારીયે સ્નેહ કરી સમજાવીઓરે । ત્યારે ફરી લીધો સંજમ ભારરો
બલદેવ દેવલોકે ગયોરે । તેનુ સમય સુંદર ધરે ધ્યાનરે ॥ નવી ૬ ॥

તપની સજ્જાય

કીધા કર્મ નીકદવારે । લેવા મુક્તિ નિદાન ॥
હત્યાપાતક છુટવારે । નહિ કોઈ તપ સમાન ॥
ભવિક જન તપ કરજો મન શુદ્ધ ॥ એ આકણી ॥ ભ ॥ ૧
ઉત્તમ તપના યોગથીરે । સેવે સુરનર પાય ॥
લબ્ધિ અઠ્ઠાવીસ ઉપજેરે । મનવાછિત ફલ થાય ॥ ભ ॥ ૨
તીર્થંકર પદ પામીયેરે । નાશે સઘલા રોગ ॥
રૂપલીલા સુખ સાહબીરે । લહીયે તપસ યોગ ॥ ભ ॥ ૩
તે શુ છે સંસારમા રે । તપથી ન હોવે જેહ ॥
જે જે મનમા કામિયેરે । સફલ ફલે સહી તેહ ॥ ભ ॥ ૪
અષ્ટ કર્મના ઓઘનેરે । તપ ટાલે તત્કાલ ॥
અવસર લહીને તેહનોરે । ખપ કરજો ઉજમાલ ॥ ભ ॥ ૫
બાહ્ય અભ્યંતર જે કહ્યારે । તપના બાર પ્રકાર ॥
હોજો તેહની ચાલમારે । જેમ ધન્નો અણગાર ॥ ભ ॥ ૬
ઉદય રત્ન કહે તપ થકી રે । વાધે સુજશસનૂર ॥
સ્વર્ગ હુવે ઘર આગણેરે । દુર્ગતિ જાવે દૂર ॥ ભ ॥ ૭

કકર્શા નારીની સજ્જાય.

મગરી ઉપર કઉઆ બોલે । પામણા આયા તીન ॥

પામણા થારી મુછ વાલુ । છાણા નહિ લાયા કયુ વિણુ ॥
કર્કશા નારી મીલી ધન હા પીયુજી થારો ભાગ્ય ॥ કર્ક ૧ ॥
પ્રાહુણા આવતા દેખનેરે સુલો દીયો બુઝાય ॥
બેલાતો પરણ્યારે મારી । આપ બેઠી રીસાય ॥ ક ૨ ॥
માઠ બાજરીરો પીસણોરે । લઈ બેઠી ભર સુપ ॥
અબજો પરણ્યો મુજને કેવે । જાય પડુગી કુપ ॥ ક ૩ ॥
ઘરમે ઘટી ઘરમે ઉખલ । પરઘર પીસણ જાવે ॥
પાડોસણ શુ વાત કરતા । ચુનગડ કડા ખાવે ॥ ક ૪ ॥
માચો બાલ્યો બરડો બાલ્યો । બાલી કોયલાની દાદી ॥
છપરો બાલ્યો સુપડો બાલ્યો । તોય ન ચઢી એક હાડી ॥ ક ૫ ॥
તીન પાવકી સાત વણાઇ । સાત પાવકી એક ॥
પરણ્યો ડાકી સાત ખઈ ગયો । હુ સુલીણી એક ॥ ક ૬ ॥
ગગા નહિ ગોમતી નહિ । બીચમે આઈ ઘાટી ॥
ઘરે આય ને જોઇ જુવો તો । હુ જીય ન મુવો માટી ॥ ક ૭ ॥
નાહિ ધોઇને વેશ બનાઈ । તીલક કરે હૈ અપાર ॥
સૂર્ય સામને કરે વિનતિ । કદી મરે ભરતાર ॥ ક ૮ ॥
કહે આનદઘન સુણો હો સાધુ । એહ પદ હૈ નીરવાણ ॥
ઈન પદકી નિદા કરે તો નરકની કુડ નીસાની ॥ ક ૯ ॥

ગહુલી.

હો મુનિવરજી તુજ અતિ મીઠી વાણી મુજ મનમા વસી,
એ આકણી
તમે ભવિક જનોને બોધો છો, મુક્તિ તણો મારગ શોધો છો,
વલી કામ કષાયને રોધો છો હો મુનિ૦ ૧

તમે ભવસાગરથી તરિઆ છો અગણિત ગુણોથી ભરિયા છો,
વલી જ્ઞાન તરંગના દરિયા છો હો મુનિ૦ ૨
તુમ દરિસનથી દુરિત જાવે, ભવિજન વલી સુખ સંપત્તિ પાવે
નરનારી મલીને ગુણ ગાવે હો મુનિ૦ ૩
તુમ મુખ કમલા કર શોભે છે, ભવિજન ભમરાને થોભે છે,
મન મુક્તિ રમામા લોભે છે હો મુનિ૦ ૪
એવા મોહનલાલજી મુનિરાયા, તજી ચિત્ત થકી જોગે માયા,
હિરાલાલ કહે મે ગુણ ગાયા હો મુનિ૦ ૫

પર્યુષણાની ગહુલી.

પરવ પજુસણ પુણ્યે પામી, શ્રાવક કરે એકરણીજી,
આઠે દિન આચાર પલાવે, ખંડણ પીસણ ઘરણીજી
સુક્ષ્મ બાદર જીવનવિણાસે, દયા તે મનમા જાણેજી
વીરજીનેશ્વર નિત પૂજીને, સુધો સમકિત આણેજી ॥ ૧ ॥
વ્રત પાલે ને ધરે તે શુદ્ધિ, પાપ વચન નવિ બોલેજી,
કેશર ચંદને જીન નવિ પૂજે ભવભય બંધન ખોલેજી,
નાટક કરીને વાજીત્ર વજાડે, નરનારીને ટોલેજી,
ગુણ ગાવે જીનવરના ઈણવિધ, તેહુને કોઇને તોલેજી ॥ ૨ ॥
અઠમ વ્રત કરી લેઇ પોસહ, બેસી પૌષધ પાલેજી,
રાગ દ્વેષ મદ મત્સર છાડી, કુડકપટ મન ટાલેજી,
કલ્પસૂત્રની પૂજા કરીને, નિશદિન ધર્મે માલેજી,
એહુવી કરણિ કરતા શ્રાવક, નરક નિગોદાદિક ટાલેજી, ॥ ૩ ॥
પડિક્કમણુ કરિએ શુભ ભાવે, દાન સવત્સરિ દીજેજી,
સમકિત ધારી જે જીનશાસન, રાત્રિ દિવસ સમરિનેજી,

પારણા વેલા પડિલા ભીને, મનોવાછિત મહોત્સવ કીજેજી,
ચિત્ત ચોખે પજુસણ કરશે, મનમાન્યા ફલ લેશેજી ॥ ૪ ॥

ગહુંલી.

જગમ તીર્થ વિચરતા, કરતા દેશ વિહાર,
ભવિક જીવ મતિ બુઝવા, કરતા જગ ઉપકાર ॥ ૧ ॥
તે મુનિવર તારે તરે, એ આકણી
સમિતિ ગુપ્તિ સુધી ધરે, પાલે પ્રવચન માય,
અભયદાન મુનિવર દિયે, પાલે જીવ છકાય, ॥ તે ૨ ॥
પચમહાવ્રત ધારતા, પચાશ્રવ પચ્ચખાણ,
અષ્ટમદને મુનિ ગાલતા, પાલે પચાચાર ॥ તે૦ ૩ ॥
દ્વાદશ પડિમાને શોધતા, કરતા આતમ શોધ,
તપજપ કરે મુનિ આકરા, કાઢે કર્મનુ મુડ ॥ તે૦ ૪ ॥
સમવાણી કરે ગોચરી, પાલે દોષ વિશેષ,
ઉચનીચ કુલ જોવતા નહિ લોભનો લેશ ॥ તે૦ ૫ ॥
કેશિ ગણધર પધારીયા, સાવત્થિ નયરી ઉદ્યાન,
રાય પરદેશી મહાપાપીયો ધરે સાધુનો દ્વેષ ॥ તે૦ ૬ ॥
પ્રશ્ન પુછે મુનિવર પ્રત્યે જીવ અજીવ વિચાર,
સ્વર્ગ નરક જાણુ નહિ, ન ગણુ પુણ્યને પાપ ॥ તે૦ ૭ ॥
નય ઉપર પ્રશ્ન પુરિયા, પ્રતિ બુજ્યો ભૂપાલ,
એક અવતારી તે થયો પામ્યો મુક્તિ મહારાજ ॥ તે૦ ૮ ॥

ગહુલી, ગરબાની દેશી

બેની અપાપા નયરી ઉદ્યાનકે, વાજા વાગીયારે લોલ,
બેની દેવ વાજીત્ર અનેક કે ઘનાઘન ગાજીયારે લોલ ૧

એની ઋદ્ધિ ભૃત્યાદિ અગ્યાર કે, બ્રાહ્મણ દીપતારે લોલ,
એની વેદવાદના જાણક બહુવાદ ઝીપતારે લોલ ૨
એની સંશય છે અતિ ગૂઢ મિથ્યા મતિ પુરીયારે લોલ
એની શ્રીજીન અમૃત વાણી કે, સુણી સુખ પામીયારે લોલ ૩
એની છાંડી સકલ જંજાલ કે, હુવા વ્રત ભાવિયારે લોલ,
એની ઋદ્ધિ સભાના થાલ કે, કેવા જગ આવીયારે લોલ ૪
એની અગિઆર એ આચાર કે તીરથ સ્થપિયારે લોલ,
એની લાવો ગહુંલી ગેલ કે હરખે વધાવીયારે લોલ ૫
એની વધાવો શ્રીજીનરાજ રંગે નિત્ય ભામણારે લોલ
એની ગાવો મંગલ ગીત કે લીજે વારણારે લોલ ૬
એની સાથીઆ તોરણ બાર કે મુક્તારૂ માલિકારે લોલ
એની ગાઓ મંગલ ગીત કે સહુ બાળિકારે લોલ ૭
એની ગોતમ કેવલજ્ઞાન કે સાહમ ગચ્છ ધારીરે લોલ,
એની આપી જંબુને પાટ કે પોહાતા શિવરમણીરે લોલ ૮
એની કરતા એહનું ધ્યાન કે લહીયે જશ ઘણોરે લોલ,
એની વિબુધ કહે શ્રીવીરને સહુ જયજય ભણોરે લોલ ૯

ગહુલી

ચરણ કરણ ગુણ શોભતા વ્રતધારીરે સુગુરૂજી
ભવિજન માનસ કમળે જગત ઉપકારીરે સુગુરૂજી
જંગમ તીરથ સાધુજી વ૦ લાભ તણો નહિ અંતરે । જ૦ ૧ ॥
પડિ રૂવાદિક ગુણ ભર્યા વ૦ ષટ કારણ લિયે આહારરે જ૦
સામુદ્રિક ગોચરી વ૦ જ્ઞાન રતન ભંડારરે । જ૦ ૨ ॥
ગીતારથ ગુરૂ આગલે વ૦ વનિતા ધરિય વિવેકરે જ૦
સરખી સાહેલીયે પરવરી વ૦ સમકિતની રાખી ટેકરે । જ૦ ૩ ॥

અસ્તિક પીઠની ઉપરે ॥ સ૦ ॥ અનુભવ મુક્તા શ્વેતરે ॥જ૦ ।
ચિહુ ગતિ પુરણ સાથિયો ॥ સ૦ ॥ વધાવતી ધરી હેતરે ।જ૦ ૪॥
ગુણવતિ ગાવે ગહુઅલિ સ૦ મુનિગુણમણિધરિ હાથરે જ૦॥
શ્રીશુભવીરની દેશના, સ૦ સુણતા મલે શિવસાથરે ।જ૦ ૫॥

ષડાવશ્યક સૂત્રની ગહુંલી.

અહો મુનિ ચારિત્રમા રમતા, શ્રીજીન આણા સુધી ધરતા,
ક્રિયા મારગમા અનુસરતા અહે૦ ૧
ષડાવશ્યક સૂત્ર તણી રચના, તે સાભળો ભવિ એકમના,
વણી અમૃત રસ ઝરના અહે૦ ૨
પ્રથમ સામાયિક જે દાખ્યુ, બીજુ ચઉવિસથ્થો ભાખ્યુ,
તૃતીય વાદણ દિલ ગજ્યુ અહો૦ ૩
પ્રતિક્રમણ ચોથે સુણતા, કાઉસગ્ગ પાચમે અનુસરતા,
છઠે પચ્ચખાણ કરતા અહો૦ ૪
ષડ્વિધ આવશ્યક જે ધારે શુભ પરિણામે અવધારે
શ્રીજીન મારગ અજુવાલે અહો૦ ૫
સ્થાપના જ્ઞાન તણી માડો, મમતા માયા દુરે છાડો
તો સમતાવૃક્ષ હોયે જાડો અહો૦ ૬
ઇણીપરે સોહમની વાણી, ગહુલિ કરે ચેલણા રાણી,
ગુરૂ સન્મુખ જેવે ગુણ આણી અહો૦ ૭
સીહોર નગરે ગહુલી ગાઇ, કહે મુક્તિ સુણો ચિત્ત લાઈ
શ્રીજીન આણા ધરો ભાઈ અહો૦ ૮

સમાપ્ત.



